

ભાઈ! એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્માં આવો પરમાત્મસ્વરૂપ છે! એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ......સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ...

—પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત-૫ [૫૦૪] ✻ આત્મધર્મ ✻ [અંક : ૪ વર્ષ : ૪૨] વીર સં. ૨૫૧૧ ઓક્ટોબર ૧૯૮૫

# આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. સર્વજ્ઞ તથા ગણધર આદિએ જે બાહ્ય-અભ્યંતર તપોનું વર્ણન કર્યું છે તેમાં સ્વાધ્યાય સમાન ઉત્કૃષ્ટ તપ અન્ય કોઈ નથી તથા આગળ પણ સ્વાધ્યાયથી ઉત્કૃષ્ટ તપ અન્ય કોઈ થશે પણ નહિ.

( શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-પંચાચાર અધિકાર, ગાથા-૨૩૬ )

૨. બધાય પદાર્થો કાલાદિ લબ્ધિ સહિત થતાં અનેક શક્તિયુક્ત છે તેમ જ સ્વયં પરિણમે છે. તેને તેમ પરિણમતાં કોઈ અટકાવવા સમર્થ નથી.

( શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૨૧૯ )

૩. વિષયોનું સુખ બે દિવસનું છે પછી તો એ વિષય દુઃખની પરિપાટી છે એમ સમજીને હે ભોળા જીવ! તું તારા જ ખંભા ઉપર તારા જ હાથે કુહાડી ન માર. ( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર-૨, ગાથા-૧૩૮ )

૪. જ્ઞાનીઓની કર્મથી ઉત્પન્ન થવાવાળી ક્રિયા બંધના નિમિત્તરૂપ થતી નથી એ તો દૂર રહો અર્થાત્ તેમાં તો કોઈ આશ્ચર્ય નથી પરંતુ આશ્ચર્ય તો એ છે કે તેમની જેટલી કોઈ ક્રિયા છે તે સર્વ ક્રિયા પૂર્વબદ્ધ કર્મોની નિર્જરાના જ નિમિત્તરૂપ થાય છે.

( શ્રી પંચાધ્યાયી ઉત્તરાર્ધ, ગાથા-૨૩૦ )

૫. સ્ત્રીઓના ચિત્તમાં જેમ પતિ, બળભદ્રોને વાસુદેવ, રાજાઓને પૃથ્વી ગાયોને પોતાનાં વાછરડાં, ચક્રવાકોને સૂર્ય. ચાતકોને મેઘનું પાણી, જળ-ચરોને તળાવ આદિ, મનુષ્યોને અમૃત; દેવોને પોતાના નિવાસ-સ્વર્ગસ્થાન તથા રોગથી પીડાતાને વૈદ્ય જેમ અનુપમ પ્રિય છે તેમ મારા હૃદયમાં શુદ્ધચિદ્રૂપ જેનું નામ છે એવો આત્મા મને અત્યંત પ્રિય છે.

( શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૬, શ્લોક-૩ )

* જેવી રીતે ખોબામાંથી પાણી ક્રમે ક્રમે ઘટે છે, તેવી રીતે સૂર્યના ઉદય-અસ્ત થાય છે અને પ્રતિદિન જિંદગી ઓછી થાય છે. જેવી રીતે કરવત ખેંચવાથી લાકડું કપાય છે, તેવી જ રીતે કાળ શરીરને ક્ષણે ક્ષણે ક્ષીણ કરે છે. આમ છતાં પણ અજ્ઞાની જીવ મોક્ષમાર્ગની શોધ કરતો નથી અને લૌકિક સ્વાર્થ માટે અજ્ઞાનનો ભાર ઉપાડે છે, શરીર આદિ પરવસ્તુઓમાં પ્રેમ કરે છે, મન, વચન, કાયાના યોગોમાં અહંબુદ્ધિ કરે છે અને સાંસારિક વિષયભોગોથી જરા પણ વિરક્ત થતો નથી.

[ શ્રી સમયસાર નાટક, બંધદ્વાર, ગાથા-૨૬ ]

કહાન
સંવત-૫
વર્ષ-૪૨
અંક-૪
[ ૫૦૪ ]




વીર
સંવત
૨૫૧૧
A. D. 1985
OCT.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# નિજ-આત્મને જાણીને, શીઘ્ર લહો શિવસુખ

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૪ )

યોગીન્દ્રદેવ નામના મુનિરાજ લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. તેમણે આ 'યોગસાર' શાસ્ત્રની રચના કરી છે. તેની અહીં ૮૬ મી ગાથા ચાલે છે. મુનિરાજ કરુણા કરીને શિષ્યને કહે છે કે 'તું એક આત્માનું મનન કર!'

એકાકી. ઇન્દ્રિય રહિત, કરી યોગત્રય શુદ્ધ;
નિજ આત્માને જાણીને, શીઘ્ર લહો શિવસુખ. ૮૬.

હે ભાઈ! તું એકલા તારા આત્માને દેખ! તે આત્મા કેવો છે?–કે કર્મ શરીરાદિથી રહિત છે. પરમાર્થદૃષ્ટિથી ભગવાન આત્મા કર્મ, શરીર, વિકારોથી રહિત એકલો છે. આવા તારા ઇન્દ્રિય રહિત નિજ આત્માનું હે ભાઈ! તું મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક સ્વભાવસન્મુખ થઈને ધ્યાન કર! એ મોક્ષમાર્ગ છે. અને એ જ યોગસાર છે.

મુનિને તો આત્માનું ધ્યાન ઉત્કૃષ્ટ હોય છે. પરંતુ શ્રાવક ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં એકદેશ આત્માનું ધ્યાન કરી શકે છે. નિયમસાર-ભક્તિઅધિકારના પ્રથમ શ્લોકમાં જ કુંદકુંદઆચાર્ય કહે છે કે શ્રાવક હો કે મુનિ હો તે બંને નિશ્ચયરત્નત્રયની ભક્તિ કરે છે. માટે સિદ્ધ થાય છે કે શ્રાવકને પણ પોતાના નિશ્ચય શુદ્ધ રત્નત્રયનું ધ્યાન હોય છે. અને તેની પ્રગટ દશા પણ હોય છે. માત્ર મુનિને જ સાચું ધ્યાન હોય એવું નથી, શ્રાવકને પણ એકદેશ ધ્યાન હોય છે.

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ છે તેની અંતર અનુભવપૂર્વક દૃષ્ટિ કરવી અને સ્વરૂપમાં સ્થિર થવું તે નિશ્ચયરત્નત્રયની ભક્તિ છે. આવી ભક્તિ, એકદેશ શ્રાવકને પણ હોય છે. સર્વાર્થસિદ્ધિના ચતુર્થ ગુણસ્થાનવર્તી દેવો કરતાં પણ જેની શાંતિ વધી ગઈ છે તે શ્રાવક ભલે સ્ત્રી-કુટુંબની વચ્ચે હો, રાજ્યભોગ ભોગવતો હો, વિષયભોગની વાસના પણ હો પરંતુ તે શ્રાવક સ્વભાવના આશ્રયે શુદ્ધ નિશ્ચયરત્નત્રયની ભક્તિ કરે છે.

ભાઈ! તું વસ્તુનું સ્વરૂપ સમજ! પરમાનંદની મૂર્તિ, પરમાત્મસ્વરૂપની અંતર નિશ્ચય સ્વાશ્રિત-દૃષ્ટિ તે નિશ્ચય શુદ્ધિ અને સાત તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર છે. જ્ઞાનસ્વભાવનું જ્ઞાન કરવું-સ્વસંવેદન કરવું તે નિશ્ચય અને શાસ્ત્રજ્ઞાન કરવું તે પરાશ્રિત વ્યવહાર છે. પોતાના સ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાનપૂર્વક સ્થિરતા કરવી તે નિશ્ચયચારિત્ર છે. આવી નિશ્ચયરત્નત્રયની ભક્તિ શ્રાવકને હોય છે. અરે! ચોથા ગુણસ્થાનમાં પણ મુક્તસ્વરૂપ આત્માનું જ્યાં ભાન થાય છે અને નિર્વિકલ્પ પ્રતીત થાય છે, તો શ્રાવકને તો બે કષાયનો નાશ થવાથી શાંતિ વિશેષ વધી જાય છે. આ સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલી શાંતિને અહીં શુદ્ધ નિશ્ચયરત્નત્રય કહેલ છે.

નિર્વાણનો સાક્ષાત્ ઉપાય તો નિર્ગ્રંથપદ છે. અહો! અલૌકિક વાત છે. અંતરમાં ત્રણકષાયના અભાવરૂપ નિર્ગ્રંથભાવ અને બહારમાં દ્રવ્યલિંગ પણ નિર્ગ્રંથ હોય તે અંતર-બાહ્ય નિર્ગ્રંથદશા સાક્ષાત્ મોક્ષનો ઉપાય છે.

સમ્યગ્દૃષ્ટિને સ્વભાવમાં જ સુખ છે અને ઇન્દ્રિયના વિષયોમાં સુખ નથી એવી દૃઢ પ્રતીતિ હોવા છતાં, ઈન્દ્રિયના વિષયોમાં આસકિત રહે છે. કેમ કે આસકિત થવી તે ચારિત્રનો દોષ છે અને ઇન્દ્રિય વિષયોમાં સુખ છે એમ માનવું તે મિથ્યાત્વનો દોષ છે. સમ્યગ્દૃષ્ટિને ત્રણકાળ ત્રણલોકમાં એક પોતાના આત્મા સિવાય કયાંય સુખબુદ્ધિ થતી નથી. જ્યાં સુખ હોય ત્યાં સુખબુદ્ધિ હોય કે જ્યાં સુખ ન હોય ત્યાં સુખબુદ્ધિ હોય! પોતાનો આનંદ તો પોતામાં છે, પુણ્ય-પાપ ભાવમાં પોતાનો આનંદ નથી-એવી શ્રદ્ધા ધર્મીને પ્રથમ દૃષ્ટિમાં જ થઈ જાય છે.

ધર્મીને આવી શ્રદ્ધા હોવા છતાં પણ હજુ પાંચ ઇન્દ્રિયના વિષયો પ્રત્યેથી લાલસા છૂટતી નથી. આસકિત છૂટતી નથી ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી, કુટુંબ સાથે રહીને યથાશક્તિ આત્માનું મનન કરે છે. અંતરમાં વિશેષ સ્થિર થવાની શક્તિ ન હોય અને બહારથી બધું છોડીને બેસી જાય તો પછી હઠથી પરિષહ આદિ સહન કરે, બોજો વધી જાય. કેમ કે અંતર શક્તિ તો છે નહિ.

આથી જ કુંદકુંદઆચાર્યે મૂલાચારમાં એક જગ્યાએ લખ્યું છે કે જો ભાઈ! તારી દૃષ્ટિ સમ્યક્ થઈ છે તો તારા સમ્યગ્દર્શનમાં દોષ ન લાગે તે માટે બરાબર

ધ્યાન રાખજે. આસક્તિ ન છૂટે તો લગ્ન કરી લેજે પણ મિથ્યાદૃષ્ટિ સાધુનો સંગ કદાપિ ન કરીશ. કેમ કે લગ્ન કરવા તે ચારિત્રનો દોષ છે પણ મિથ્યાશ્રદ્ધાવંતના સંગમાં ચડવાથી પોતાની શ્રદ્ધા મિથ્યા થઈ જાય તો તે શ્રદ્ધાથી જ ભ્રષ્ટ થઈ જાય.

પ્રશ્ન:- અરે! પણ સંતો આમ લગ્ન કરવાનું કહે?

અરે ભાઈ! તેનો અર્થ સમજવો જોઈએ. મુનિને તો વિવાહ આદિ કાર્યોનો નવ-નવ કોટીએ ત્યાગ હોય છે. મન-વચન-કાયાથી એવા કાર્યો કરે નહિ, કરાવે નહિ અને કરતાંને અનુમોદે નહિ. પણ અહીં તો મિથ્યાત્વથી બચવા માટે આ વાત કહી છે. મિથ્યાદર્શનનું પાપ ચારિત્રદોષથી ઘણું મોટું છે. પણ લોકોને મિથ્યાદર્શનનું પાપ અને સમ્યગ્દર્શનરૂપ ધર્મની શું કિંમત છે તેની ખબર જ નથી.

'सिज्झंति चरियभट्ठा दंसणभट्ठा ण सिज्झंति।' સ્ત્રીના સંગમાં ચારિત્રનો દોષ લાગશે. શ્રદ્ધાનો દોષ નહિ લાગે, જ્યારે જેની દૃષ્ટિ જ વિપરીત છે એવા ભલે સાધુ હોય પણ તેના સંગથી સમકિતીની શ્રદ્ધા પણ વિપરીત થઈ જાય તો શ્રદ્ધાનો મોટો દોષ લાગે છે. મૂલાચારમાં મુનિરાજનો કહેવાનો આશય આ છે. સ્ત્રીના સંગમાં પાડવાનો આશય નથી. બ્રહ્મસ્વરૂપમાં લીન થનારા આત્મઆનંદી મુનિરાજ આમ કહે છે. તો તેનો આશય બરાબર સમજવો જોઈએ.

અહીં યોગીન્દ્રદેવ પણ એ જ કહે છે કે જો તું સમ્યક્દૃષ્ટિ છો પણ તને વિષયની આસક્તિ ન છૂટતી હોય તો ગૃહસ્થાશ્રમમાં રહીને યથાશક્તિ આત્માનું મનન કર! નિશ્ચય શ્રદ્ધા જ્ઞાન-સ્થિરતારૂપ રત્નત્રયની ભક્તિ કર! ધ્યાન કર! અને જ્યારે તને મનથી આસક્તિ પણ છૂટી જાય ત્યારે મુનિપણું અંગીકાર કરજે. મુનિપણું-ચારિત્ર જ ખરેખર મોક્ષનું સાક્ષાત્ કારણ છે, માટે જ્યારે તને આત્મિકસુખનો પ્રેમ વધી જાય અને તેના સિવાય બધાં વિષયોના રસ ફીક્કા લાગે, ક્યાંય આસક્તિ ન થાય ત્યારે જિતેન્દ્રિય થઈને નિરંતર આત્માના મનનમાં લાગી જજે અર્થાત્ મુનિ થઈ સ્વરૂપમાં લીન થજે.

અહીં આત્માનુશાસનનો આધાર આપ્યો છે કે ગુણભદ્રસ્વામી લખે છે કે 'આત્મજ્ઞાની મુનિને યોગ્ય છે કે તે વારંવાર સમ્યક્જ્ઞાનનો અભ્યાસ ફેલાવતા રહે.' ચૈતન્યજ્યોત આત્માની દૃષ્ટિપૂર્વક જ્ઞાનનો વિકાસ કરે એટલે કે આત્માની સર્વ શક્તિ -આનંદ, શાંતિ, ચારિત્ર, વીર્ય આદિનો વિકાસ થાય તેમ રાગ ઘટાડે અને જ્ઞાન ફેલાવે તે મુનિને યોગ્ય કાર્ય છે.

ભાઈ! મોક્ષનો તો આવો નિરાલંબી માર્ગ છે. નિશ્ચયમોક્ષમાર્ગને વ્યવહાર મોક્ષમાર્ગનું પણ અવલંબન નથી.

જેમ કળીનો વિકાસ થઈને ફૂલ ખીલે છે તેમ પરમ પારિણામિક સ્વભાવભાવ શક્તિરૂપે છે તેમાં એકાગ્ર થઈને પર્યાયમાં વિકાસ કરો. અનંત શક્તિઓને પર્યાયમાં ખીલવો અને રાગ-દ્વેષ ન કરતાં સમતાભાવથી આત્માને ધ્યાવો. કારણ કે પરમાનંદમૂર્તિ આત્માનું ધ્યાન કરવું તે જ મોક્ષનો માર્ગ છે. દ્રવ્યસંગ્રહ-૪૭ ગાથામાં પણ આ જ વાત મૂકી છે.

અહો! ગમે તે શાસ્ત્ર જુઓ, ચારે બાજુએ આચાર્યોએ એક જ વીતરાગનો મોક્ષમાર્ગ સ્પષ્ટ કરીને મૂકયો છે. વીતરાગી મોક્ષમાર્ગના ઢંઢેરા પીટયાં છે.

૮૬ ગાથા પૂરી થઈ, હવે ૮૭ મી ગાથામાં યોગીન્દુ મુનિરાજ કહે છે કે 'સહજ સ્વરૂપમાં રમણ કર! બંધ-મોક્ષનો વિકલ્પ છોડી દે.'

બંધ-મોક્ષના પક્ષથી નિશ્ચય તું બંધાય,
સહજસ્વરૂપે જો રમે, તો શિવસુખરૂપ થાય. ૮૭.

આહાહા....! ભગવાન આત્મા! જો તું બંધ-મોક્ષની કલ્પના કરીશ તો તું નિઃસંદેહ બંધાઈશ. આ મને રાગ થાય છે તે છૂટશે તો મોક્ષ થશે એવો વિકલ્પ છે તે બંધનું કારણ છે. સહજાત્મસ્વરૂપ-એકસ્વરૂપનું ધ્યાન તે મોક્ષનું કારણ છે.

ભાઈ! તું બંધ અને મોક્ષ એ બે પર્યાયદૃષ્ટિથી જોવા જઈશ તો તું નિયમથી બંધાઈશ. આ યોગસાર છે ને! યોગસ્વરૂપમાં એકાકાર થઈને બંધ-મોક્ષના પણ વિકલ્પ ન કરવા તેનું નામ યોગસાર છે. આચાર્યદેવ કડકભાષામાં કહે છે કે 'નિયમથી બંધાઈશ.' બંધ અને મોક્ષ એ વિચાર ભલે શુભવિકલ્પ છે પણ વિકલ્પ છે તે જ બંધનું કારણ છે. અરે! પણ આમાં એક પણ જીવનો ઘાત તો નથી કર્યો છતાં બંધન? હા, જીવનો ઘાત બંધનું કારણ નથી વિકલ્પ બંધનું કારણ છે. પર્યાયદૃષ્ટિ-વ્યવહારનયનો આશ્રય કરવાથી બંધ થાય છે.

જીવનું મોક્ષનું પ્રયોજન પર્યાયના લક્ષથી સિદ્ધ થતું નથી કેમ કે નિર્મળ પર્યાયમાંથી પણ નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. નિયમસાર ૫૦ ગાથામાં ક્ષાયિક સમ્યગ્દર્શનને પણ પરદ્રવ્ય કહ્યું છે. કેમ?-કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી તેમ પોતાની નિર્મળ પર્યાયમાંથી પણ નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી તે અપેક્ષાથી ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચારેય પર્યાયને પરદ્રવ્ય કહી છે. નવી પર્યાય ઉત્પન્ન થવાનું સ્થાન એક ધ્રુવસ્વભાવ છે તે સ્વદ્રવ્ય છે.

વાસ્તવિક તત્વના ખ્યાલ વગર કોઈનું કલ્યાણ થાય તેમ નથી. કેમકે કલ્યાણની ખાણ જ આત્મા પોતે છે, તેની એકરૂપ દૃષ્ટિ થયા વિના કલ્યાણનું બીજ કયાંથી ઊગે?

અહીં તો આચાર્ય કહે છે કે નિર્વાણનો ઉપાય એક શુદ્ધાત્માનુભવ જ છે. જ્યાં મનના વિચાર વિકલ્પ બધું બંધ થઈ જાય છે અને સ્વાનુભવનો પ્રકાશ થાય છે

તેને નિર્વિકલ્પ સમાધિ કહે છે. સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રાગ રહિત વીતરાગી શાંતિ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તે જ મોક્ષનો માર્ગ છે.

ભાઈ! વાત તો કઠણ છે પણ તું સમજવાનો પ્રયત્ન કર! નય, નિક્ષેપ, પ્રમાણના વિકલ્પને છોડી એકરૂપ નિજ પરમાત્મા ઉપર દૃષ્ટિ દે અને તેમાં લીનતા કર તો તારો નિર્વાણ થશે જ થશે. જેમ આગળ કહ્યું કે તું વિકલ્પથી નિઃભ્રાંતપણે બંધાઈશ જ તેમ અહીં કહે છે કે સ્વરૂપમાં દૃષ્ટિ-જ્ઞાન અને લીનતા કર! તું નિઃશંકપણે નિર્વાણ પામીશ. જેમ ઠંડું હીમ વનને બાળી નાખે છે તેમ તારી અકષાય શાંતિ સંસારને બાળી નાંખશે, તારો નિર્વાણ થશે.

ભક્તિમાં આવે છે કે 'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' ઉપશમ એટલે અકષાય શાંતિ અને તેની પૂર્ણતા તે વીતરાતા. આત્મા અકષાયસ્વરૂપ છે એવો અકષાયભાવ પર્યાયમાં પ્રગટ થવો તે ઉપશમભાવ છે.

પ્રભુ! આ બધી વાતો ભાષામાં તો સહેલી લાગે છે પણ તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થની ઉગ્રતા જોઈએ છે હો! ભાષામાં કાંઈ ભાવો આવી જતાં નથી. પુરુષાર્થ કરતાં એ ભાવો પ્રગટ થાય છે.

બંધ-મોક્ષનો વિચાર એ પણ રાગ છે, બંધનું કારણ છે.

પ્રશ્નઃ- પણ પ્રભુ! વિચાર એ તો જ્ઞાનની પર્યાય છે ને?

ભાઈ! એ છે જ્ઞાનની પર્યાય, પણ સાથે જે રગ આવે છે, ભેદ પડે છે તે બંધનું કારણ છે. સમયસાર કળશમાં રાજમલજીએ આ વાત લીધી છે. 'વિચાર સુદ્ધા બંધનું કારણ છે.' ત્યાં જ્ઞાનને બંધનું કારણ નથી કહ્યું પણ જ્ઞાન રાગમાં-ભેદમાં રોકાય જાય છે તેનું નામ વિચાર છે અને તે બંધનું કારણ છે. હું મનુષ્ય છું, ભવ્ય છું, સમ્યગ્દૃષ્ટિ છું આદિ, ગુણસ્થાન, માર્ગણાસ્થાનના વિચાર, કર્મોના આસ્રવભાવનો વિચાર, ચારે પ્રકારના બંધનો વિચાર, સંવર-નિર્જરાના કારણોનો વિચાર આદિ બધાં વિચારો વ્યવહારનય દ્વારા ચંચલ છે. તે શુભોપયોગ છે. નિશ્ચય જ સત્ય છે. વ્યવહાર ઉપચાર છે.

પર્યાય ક્ષણિક છે પણ દુઃખદાયક નથી. પણ તેમાં વિકલ્પ ઉઠે છે તે દુઃખદાયક છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે. ક્ષણિક છે પણ દુઃખદાયક નથી. માટે જે દુઃખદાયક છે એવા વિકલ્પો છોડવા લાયક છે. પર્યાયનું ક્ષણિકપણું દુઃખદાયક નથી પણ તેમાં જે રાગ-દ્વેષના વિકલ્પ ઉઠે છે તે જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ડખલરૂપે છે માટે દુઃખરૂપ છે.

ભગવાનનો મારગ ભાઈ! આત્માનો મારગ છે, તેમાં કાંઈ ફેરફાર ચાલે નહિ. આંખની પાંપણમાં થોડી રજ સમાય પણ આમાં કાંઈ ન સમાય. રાગરહિતપણે ભેદનું જ્ઞાન કરવું તે દુઃખનું કારણ નથી, તે તો સ્વભાવ છે, પણ જે રાગી છે તે ભેદનું જ્ઞાન

કરવા જાય છે ત્યાં તેને વિકલ્પ ઉઠે તે દુઃખનું કારણ છે. ભેદનું જ્ઞાન દુઃખરૂપ કારણ હોય તો તો સર્વજ્ઞને પણ દુઃખ થવું જોઈએ, પણ એમ નથી. વિકલ્પ દુઃખનું કારણ છે.

હવે અહીં કોઈ પ્રશ્ન કરે છે કે પર્યાય તો દ્રવ્યનો જ ભેદ છે, અવસ્તુ તો નથી, તો તેને વ્યવહાર કેમ કહી શકાય?

તેને ગુરુ ઉત્તર આપે છે કે ભાઈ! તારી વાત સાચી છે, પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરીને ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કરવાથી અભેદ સારી રીતે માલુમ પડી શકે છે. સરાગીને ભેદદૃષ્ટિમાં વિકલ્પ રહ્યા કરે છે, માટે જ્યાં સુધી રાગ મટે નહિ ત્યાંસુધી ભેદને ગૌણ કરી અભેદને મુખ્ય કરવામાં આવ્યો છે. વીતરાગ થયા પછી તો ભેદાભેદ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે.

ભગવાન તો એક દ્રવ્યના અનંત ગુણ, એક ગુણની અનંતી પર્યાય અને એક પર્યાયના અનંત અવિભાગ પ્રતિચ્છેદ આદિ બધાં ભેદને એક સમયમાં જાણે છે પણ તેમને રાગ થતો નથી. માટે ભેદનું જ્ઞાન રાગનું કારણ નથી પણ રાગીને ભેદનું લક્ષ કરવાથી રાગ થાય છે. રાગી એકરૂપ સ્વભાવને જાણે ત્યારે નિર્વિકલ્પ થઈ જાય છે અને રાગી ભેદને જાણે ત્યારે તેને રાગ થાય છે, તેનું કારણ રાગી છે માટે રાગ થાય છે.

માટે કહ્યું છે કે વીતરાગદશા પ્રાપ્ત કરવા માટે રાગીએ વ્યવહારનયનું લક્ષ છોડી નિશ્ચયનયથી પોતાને અને પરને જાણવા જોઈએ.

આ જીવ ઊંધો પડયો અનંત તીર્થંકરો આવે તોપણ ન ફરે તેવો છે અને સવળો પડયો અનંત પરિષહ આવે તોપણ ન ડગે તેવો છે, એટલે જ અનુભવ પ્રકાશમાં કહ્યું છે કે ભગવાન! તારી શુદ્ધતા તો મોટી છે પણ તારી અશુદ્ધતા પણ મોટી છે.

સમ્યગ્દૃષ્ટિ–જ્ઞાની પોતાના સ્વભાવમાં એટલાં દૃઢ છે કે ગમે તેટલાં પરિષહો આવે, આખી દુનિયા ફરી જાય તોપણ જ્ઞાની પોતાની દૃષ્ટિ અને સ્થિરતાથી ડગતા નથી.

જ્ઞાની પણ શાસ્ત્ર વાંચે, વિચારે, ઉપદેશ આપે, ઉપયોગ ન ટકે તો વ્યવહારનયના વિચાર પણ કરે પણ ભાવના એક જ હોય કે હું કેમ શીઘ્ર સ્વાનુભવમાં પહોંચી જાઉં. જ્ઞાનીને પણ જેટલો રાગ હોય છે તેટલો બંધ પણ હોય છે. જેટલો અબુદ્ધિપૂર્વકનો રાગ છે તેટલો બંધ અનુભવકાળે પણ થાય છે. પ્રથમ અનુભવ થતાં જ પૂર્ણ સ્થિરતા થતી નથી તેથી જેટલી અસ્થિરતા છે તેટલો જ્ઞાનીને પણ બંધ તો થાય છે. જ્ઞાનીને અબંધ કહ્યાં છે એ તો દ્રવ્યદૃષ્ટિથી કહ્યા છે પણ પર્યાયમાં રાગ બાકી છે તેટલો બંધ તો દશમાં ગુણસ્થાન સુધી હોય છે માટે જ્ઞાનીને પણ શ્રીગુરુ કહે છે કે તને શુભરાગ ભલે હો પણ ભાવના તો હું અંતરમાં કેમ સ્થિર થાઉં એ જ રાખવી, તે જ મોક્ષનો ઉપાય છે.

(ક્રમશઃ)

—✻—

## * દ્રવ્યદૃષ્ટિ કર *

વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.૩૧૯.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

'વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર.'

પરલક્ષે થનારા શુભાશુભ વિકારી ભાવ તે વિભાવ છે. તેનાથી ભેદજ્ઞાન વડે જુદો પડીને નિર્વિકાર નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. વિભાવભાવ ચૈતન્યમૂર્તિ નિજ જ્ઞાયકતત્ત્વથી સ્વરૂપે સદા જુદા જ છે, તેમનું ચૈતન્યતત્ત્વ સાથે એકત્વ કદી થયું જ નથી. શુદ્ધ જ્ઞાનાનંદકંદ ચૈતન્યતત્ત્વ શુભભાવથી પણ સ્વરૂપે ભિન્ન છે; તો શું એ શુભભાવથી તેનું ગ્રહણ થાય? દેવ-શાસ્ત્ર-ગુરુનું બહુમાન, પૂજા-ભક્તિ, ધર્મનું વાંચન-શ્રવણ, વ્રત-તપ વગેરે શુભભાવ પણ પરલક્ષી વિભાવભાવ છે, જ્ઞાયક ચૈતન્યતત્ત્વનું સ્વરૂપ તેનાથી જુદું છે. શુભભાવ સમસ્ત વિભાવથી જુદો પડીને નિજ શુદ્ધ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર; તેને લક્ષમાં લઈને અંતરમાં શુદ્ધ પરિણમન પ્રગટ કર. આ મૂળ વસ્તુ છે.

'એ જ કરવાનું છે.'

નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવને લક્ષગત કરીને પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવી તે જ કરવાનું છે. છહઢાળામાં આવે છે ને—

> लाख बातकी बात यहै, निश्चय उर लाओ।
> तोरि सकल जग दन्द-फन्द, नित आतम ध्याओ ॥

સંસારની બધી લપ છોડીને આનંદના રસકંદરૂપ નિજ ચૈતન્યતત્ત્વને વિભાવથી ભિન્ન ઓળખો અને ધ્યાવો. અહા! આ વાત સંપ્રદાયમાં છે જ નહિ, 'ત્યાગી' નામ ધરાવનાર હાલના ઉપદેશકો પણ એમ કહે છે કે 'અત્યારે આ કાળે આનંદ કે

શુદ્ધોપયોગ હોય નહિ, વ્યવહાર-રત્નત્રયના શુભભાવ હોય; ભાઈ! વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રના શુભભાવ પણ રાગ છે, વિભાવ છે, આકુળતા છે, અને ધર્મ તો આનંદમય વીતરાગતા છે; શુદ્ધોપયોગ થતાં આનંદમય દશા પ્રગટે છે. આ કાળે શુદ્ધોપયોગરૂપ આનંદદશા ન પ્રગટે, એનો અર્થ એમ થયો કે આ કાળે ધર્મ ન પ્રગટે; પણ તે વાત બરાબર નથી. અત્યારે આ કાળે પણ વિભાવથી ભિન્ન નિજ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરે તો અંશે વીતરાગતા ને આનંદમય શુદ્ધતા પ્રગટે છે.

આત્મદ્રવ્ય સ્વભાવે શુદ્ધ છે, તેની પર્યાયમાં શુભાશુભ વિકાર છે. તેથી કહે છે કે 'પર્યાયદૃષ્ટિ છોડ અને દ્રવ્યદૃષ્ટિ કર.' શુભાશુભ વિકાર, ચૈતન્યની જાત નહિ હોવાથી, અચેતન છે. તે રાગાદિ અચેતન ભાવોથી ભિન્ન પ્રજ્ઞા બ્રહ્મસ્વરૂપ નિજ ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે, બાકી બધી વાતો છે. ભવના અંતનું કારણ —સમ્યગ્દર્શન—જેને પ્રગટ કરવું હોય તેના માટે આ મુદ્દાની વાત છે. વિભાવથી જુદો પડીને પ્રતીતિમાં નિજ શુદ્ધ ચૈતન્યને ગ્રહણ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય.

અરે! હજી જ્યાં પાપના પ્રેમથી પણ નિવૃત્તિ નથી ત્યાં શુભભાવથી ખસી જતાં અંતરમાં જે શુદ્ધતા પ્રગટ થાય તેની વાત તેને કેમ બેસે? એને તો 'શુભભાવ, દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો જે શુભરાગ તે સંવર-નિર્જરાનું કારણ છે' એમ બેસે છે. અરેરે! તું આ શું કહે છે ભાઈ? રાગ વીતરાગતાનું કારણ થાય? વીતરાગતા, અતીન્દ્રિય આનંદદશા પ્રગટ કરવી હોય તો નિજ શુદ્ધ પ્રજ્ઞાબ્રહ્મને ગ્રહણ કરીને વિભાવથી જુદું પડવું પડશે. 'ગ્રહણ કર' એટલે કે વિભાવથી ખસીને ત્રિકાળી ધ્રુવ ચૈતન્યતત્ત્વમાં જા, પર્યાયદૃષ્ટિ કર. એ જ કરવાનું છે. અહા! ભાષા તો સાદી છે પણ ભાવ તો ઘણા ગંભીર ને ઊંચા છે. આમાં વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી.

'પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી.'

વર્તમાન પર્યાય સામું જોવાથી નહિ, પણ અંતરમાં દ્રવ્યદૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે. કોઈ કહે: અધઃ, અપૂર્વ ને અનિવૃત્તિ એ બધાં કરણ શુભભાવ છે અને તેનાથી સમકિત થાય છે. ભાઈ! તેનો તો દ્રવ્યદૃષ્ટિ વડે અભાવ કરીને અંતરમાં જાય તો સમકિત અને શુદ્ધોપયોગ થાય. અત્યારે તો ઉપદેશકો પણ એમ કહે છે કે— આ કાળે શુદ્ધોપયોગ નથી, શુભ જ છે; શુભભાવથી સમકિત, સંયમ વગેરે શુદ્ધ દશા પ્રગટે છે, પણ એમ છે જ નહિ. અંદર ચૈતન્યતત્ત્વના ગ્રહણ વડે વિભાવથી જુદો પડતાં સમકિત, શુદ્ધોપયોગ અને સંયમ વગેરે શુદ્ધ દશા વર્તમાન કાળે પણ પ્રગટ થઈ શકે છે. પ્રભુ! આ તારા હિતની વાતો છે. શુભભાવથી સંવર-નિર્જરા માનવાં

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૮ ]

# રાગમાં એકત્વ બંધનું મૂળ
# રાગથી ભિન્નત્વ મુક્તિનું મૂળ

[શ્રી ઇષ્ટપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૨૯)

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઇષ્ટઉપદેશનો ૨૬ મો શ્લોક ચાલે છે.

મોહી બાંધે કર્મને, નિર્મમ જીવ મુકાય,
તેથી સઘળાં યત્નથી, નિર્મમ ભાવ જગાય. ૨૬.

જે જીવ પોતાના જ્ઞાનાનંદ નિર્મળ શુદ્ધ ચૈતન્યસ્વભાવને છોડીને શુભાશુભ રાગાદિના વિકલ્પમાં મારાપણાનો મિથ્યા અભિપ્રાય—વિપરીત અભિનિવેશ કરે છે તે જીવ આઠ કર્મોથી બંધાય છે. રાગાદિ વિકલ્પ 'તે હું' અને 'તે મારા' એવો જે મિથ્યા અભિપ્રાય છે તે જ કર્મબંધનનું કારણ છે. અને શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ તે હું અને રાગાદિ તે મારા નહિ એવો જે સમ્યક્ અભિપ્રાય તે કર્મબંધનથી મુક્ત થવાનું કારણ છે. અહીં આચાર્યદેવે ટૂંકામાં બંધ–મોક્ષનું સ્વરૂપ કહી દીધું છે.

શુભ–અશુભભાવ થાય છે તે મારા છે અને હું તેનો છું એવી માન્યતા તે મિથ્યાદર્શનશલ્ય છે અને આ શલ્ય જ આઠ કર્મના મહાબંધનું કારણ છે. આ વિષયમાં અમૃતચંદ્ર આચાર્યનો સમયસાર કળશ ૧૬૪ નો આધાર આપ્યો છે કે કર્મબંધનું કારણ આખા લોકમાં ભરેલાં કર્મ થવા યોગ્ય પુદ્ગલો નથી, તેમ જ મન–વચન–કાયાની ક્રિયારૂપ યોગ કે ઇન્દ્રિયો કે જડ–ચેતનનો ઘાત થાય તે પણ આત્માને બંધનું કારણ નથી, કોઈ જીવ મરે કે જડના ટૂકડાં થાય તે આત્માને બંધનું કારણ નથી, આત્માને બંધનું કારણ તો એકમાત્ર રાગ સાથે ઐક્યતા માનવી તે જ છે.

ચૈતન્ય ભગવાન જાનન-દેખન સ્વભાવી છે એ જાનન-દેખન સ્વભાવની સત્તામાં—ભૂમિકામાં જે શુભરાગ ઊઠે કે અશુભરાગ ઊઠે તેનું ઉપયોગ સાથે ઐક્યપણું કરવું તે જ મિથ્યાદર્શન છે અને તેનાથી જ કર્મબંધ થાય છે.

લોકોને વસ્તુસ્વરૂપ શું છે—અંતરવસ્તુ શું છે અને પરવસ્તુ શું છે તે બેનો વિવેક નથી. એટલે ઐક્ય માને છે, તેથી કર્મબંધ થાય છે, પણ એ બેના વિવેકમાં જ આખો વીતરાગમાર્ગ સમાય જાય છે તેની લોકોને ખબર નથી.

વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકીનાથ જગતમાં છ દ્રવ્ય છે એમ કહે છે.

છ દ્રવ્ય જાતિએ છે પણ સંખ્યાએ તો અનંત દ્રવ્ય છે. તેમાં કોઈ દ્રવ્ય બીજા કોઈ દ્રવ્યનું કાર્ય કરે એમ ત્રણકાળમાં કદી બને નહિ તેથી એ પ્રશ્ન તો અહીં નથી. પણ અહીં તો દયા, અહિંસા, સત્ય આદિના જે શુભભાવ આવે તેમાં જે લાભ માને છે તે પોતાના શુદ્ધસ્વભાવને અને શુભભાવને એક જ માને છે, તે જ અજ્ઞાનીનો મિથ્યા અભિપ્રાય છે અને તે બંધનું કારણ છે.

બીજી રીતે કહીએ તો, એ પુણ્ય એટલે આસ્રવ તત્ત્વની સત્તા જ્ઞાયકસ્વભાવમાં નથી. ભગવાન આત્મા જ્ઞાન-દર્શનસ્વભાવી, અવિકારી, અરૂપી, વીતરાગી, નિર્વિકાર આનંદમૂર્તિ છે, તેમાં જે દયા-દાનાદિ રાગની પર્યાય થાય છે તે પર્યાય પરની દયા પાળવા પરદ્રવ્યમાં જતી નથી તો એ પર્યાય પરની દયા ક્યાંથી પાળે ? પરદ્રવ્યમાં કાંઈ ફેરફાર કરી શકે એવો રાગનો સ્વભાવ જ નથી. આ રાગ પરદ્રવ્યની સત્તામાં નથી માટે જીવ તેની દયા પાળી શકતો નથી તેમ જ આ રાગ ચૈતન્યની સત્તામાં પણ નથી તેથી રાગ આત્માને પણ લાભ કરી શકતો નથી.

એક તત્ત્વનું બીજા તત્ત્વની સાથે જોડાણ કરી દેવું, ઐક્ય માનવું તે મિથ્યાત્વ છે. 'ઉપયોગ ભૂ' એટલે ઉપયોગરૂપી-જમીન-સત્તા અનંત અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવની સત્તાવાળી વસ્તુમાં રાગાદિનું ઐક્ય માનવું એટલે કે 'રાગાદિ તે હું' અને 'તે મારા' એવો જે વિપરીત અભિનિવેશ છે તે મિથ્યાત્વ છે અને તે મિથ્યાત્વભાવ કર્મબંધનમાં નિમિત્ત થાય છે.

ભગવાન આત્મા કર્મથી બંધાયેલો નથી પણ રાગાદિભાવના બંધનથી પણ આત્મા નિર્લેપ છે. આવી નિર્લેપ સ્વ શુદ્ધ સત્તાની ભૂમિમાં રાગનો લેપ માનવો એટલે કે રાગ મારી ભૂમિનો છે, મારી સત્તાનો છે, રાગ મને લાભદાયક છે એવો વિપરીત અભિનિવેશ તે મિથ્યાદર્શન છે.

આહાહા ! આ મિથ્યા અભિપ્રાયનો જીવોને ત્યાગ નહિ ને બહારની વસ્તુથી ત્યાગ માને છે તેમાં જીવોને મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. આ તો વીતરાગમાર્ગ છે બાપુ ! આ કાંઈ કોઈને માખણ ચોપડવાનો માર્ગ નથી.

ભગવાન કુંદકુંદ આચાર્યે બંધ અધિકારમાં જે વાત ફરમાવી છે તે અમૃતચંદ્ર આચાર્યે ટીકાના કળશમાં લીધી છે અને એ જ વાતનો અહીં પંડિત આશાધરજીએ આધાર આપ્યો છે. પંડિત આશાધરજી ગૃહસ્થાશ્રમમાં હતા. તેમણે પૂજ્યપાદસ્વામીની ગાથાની ટીકા કરી છે તેમાં આ ગાથામાં 'મમ'થી બંધાય છે અને 'નિર્મમ'થી મૂકાય છે, તેની વ્યાખ્યા કરતાં કહે છે કે ભગવાન નિર્લેપ, અબંધ, શુદ્ધ ચૈતન્ય-તત્ત્વની સત્તાની સાથે રાગાદિનું મિલાન કરે છે કે આ રાગ મને લાભદાયક છે તેનો અર્થ એ કે રાગ મારો છે અને હું તેનો છું એવો જે મિથ્યા અભિપ્રાય કરે છે તે જીવ કર્મથી બંધાય છે.

અનાદિકાળથી જીવે મિથ્યાત્વનો ધંધો માંડ્યો છે. ત્યાગી થયો, બાવો થયો, અરે! દિગંબર મુનિ થયો પણ મિથ્યાત્વ છોડ્યું નહિ. શુકલલેશ્યાના પરિણામ કરીને નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો પણ શુકલલેશ્યાના પરિણામ તે હું નહિ.—આવું ભેદજ્ઞાન કર્યું નહિ તેથી કર્મબંધન ટળ્યું નહિ.

આમ, શરીરની ક્રિયા બંધનું કારણ નથી, પાંચ ઈન્દ્રિયો બંધનું કારણ નથી, કર્મ થવા યોગ્ય જગતના પુદ્ગલ પરમાણુ કર્મબંધનું કારણ નથી કે જીવ-અજીવનો ઘાત પણ બંધનું કારણ નથી. માત્ર એક ભગવાન આત્મા પોતાના ચૈતન્ય ઉપયોગરૂપ સ્વભાવની દૃષ્ટિ છોડી પુણ્ય-પાપના પરિણામને પોતાની સત્તા સાથે જોડે છે – ઐક્ય માને છે તે જ કર્મ બંધનું કારણ છે.

[illegible] સ્વભાવ છે એમ નહિ માનતા અભિપ્રાયમાં રાગનું એકત્વ કરવું તે જ અનંત સંસારના બંધનનું કારણ છે! રાગ મિથ્યાત્વના બંધનું કારણ નથી પણ રાગની એકતા માનવી તે મિથ્યાત્વનાં બંધનું કારણ છે.

મુનિરાજ કહે છે બસ! હું અકિંચન છું એમ ભાવના કરી બેસી રહો એટલે કે અંતરમાં સ્થિર થાઓ, અને ત્રણલોકના સ્વામી બનો.

લોકોએ આવી વાત સાંભળી નથી, તેથી આ વાતથી તદ્દન બેખબર છે. બેખબર એટલે બમણી ખબરવાળા નહિ પણ ખબર વગરના છે અને માને છે કે અમે ધર્મ કરીએ છીએ.

પ્રશ્ન:—પણ! વ્રત–ભક્તિ આદિ ક્યારે કરવાના?

ભાઈ! એ ભાવો વચ્ચે આવશે પણ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. તે સંવર, નિર્જરા કે મોક્ષનું કારણ નથી. જ્યાં સુધી સ્વરૂપમાં પૂર્ણ સ્થિર થઈ ન શકે ત્યાં સુધી વચ્ચે શુભભાવ આવે. પણ તે મોક્ષમાર્ગ નથી. એકવાર સ્વરૂપમાં ઠર્યો એ ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામ્યે છૂટકો છે. સ્વરૂપમાં સ્થિરતા સિવાય બીજો કોઈ કેવળજ્ઞાનનો ઉપાય નથી.

રાગ અને જડની ક્રિયાથી હું પૃથક્ છું એમ પ્રથમ શ્રદ્ધા કર! રાગ અને દેહની ક્રિયા મારામાં નથી અને હું રાગ અને દેહની ક્રિયામાં આવતો નથી. જ્ઞાયકભાવ કાંઈ રાગમાં આવે! ભગવાન આત્મા કાંઈ દેહની પર્યાયના ઉત્પાદમાં આવે! ત્રણકાળમાં કદી ન આવે. છતાં રાગ અને દેહની ક્રિયામાં મમત્વ કરવું તે જ એક સંસાર બંધનનું મૂળ છે.

આ આત્માનુશાસનના ૧૧૦ માં શ્લોકમાં પરમાત્મા થવાનું ટૂંકું રહસ્ય આપી દીધું છે. હું અકિંચન છું એવી ભાવનાપૂર્વક સ્વરૂપમાં સ્થિર થઈ જાય તે યોગી અલ્પકાળમાં પરમાત્મા–ત્રણલોકના નાથ બને છે.

થોડું પણ સાચું ગ્રહણ કરે તો એ થોડામાં આખું કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની તાકાત છે. કેમ કે થોડું પણ સાચું છે. તેનાથી વિપરીત થોડી પણ ખોટી માન્યતા ગ્રહણ કરે તેમાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે.

અહીં ટૂંકામાં પરમાત્મા થવાનું રહસ્ય બતાવ્યું છે. રાગની એકતા તોડીને સ્વભાવની એકતામાં રહેવું તે જ એક પરમાત્માને પામવાનો ઉપાય છે. આમાં બધાં શાસ્ત્રોનું રહસ્ય આવી જાય છે. બહુ ઊંચો શ્લોક છે.

સંસારની હોંશ ઊડી જાય એવી આ વાતો છે. એક ડોકટર કહેતાં હતાં કે હમણાં (યુવાનીમાં) આ મહારાજની વાત સાંભળવી નહિ. નહિતર અત્યારથી સંસારની હોંશ ઊડી જાય માટે વૃદ્ધાવસ્થામાં આ વાત સાંભળવી!!

લોકોએ વીતરાગમાર્ગને વીંખી નાખ્યો—પીંખી નાખ્યો. જેમ ગાદલાંની તળાઈમાં ગોળના રવા મૂક્યાં હોય ને ઉનાળામાં રવા પીગળી જાય તો ગોળનો રસ બધો ગાદલામાં ઉતરી જાય, એ બહાર સૂકવવા મૂકે તો ગોળ ખાવા માટે કૂતરા ગાદલાંને

જ તોડી નાખે-વીંખા નાખે. સુખશય્યાને ચૂંથી નાખે તેમ અજ્ઞાની જીવોએ ભગવાને આત્મામાં સુખે સુવાય એવી દૃષ્ટિ-જ્ઞાન-રમણતાના માર્ગને ચૂંથી નાખ્યો, વીંખી નાખ્યો છે. એક સંપ્રદાયવાળા કહે શિખરજીની યાત્રા કરીએ તો ભવ કપાય, તો બીજો કહે મંદિર બંધાવીએ તો ભવ છૂટી જાય, તો ત્રીજો કહે છે પંચમહાવ્રતના પરિણામ પાળીએ તો ભવ છૂટે. આ બધી વાત ડીંગેડીંગ છે. આ તો બધાં રાગના -પુણ્ય પરિણામ છે તેનાથી બંધન થાય. ભવ એકપણ ઘટે નહિ.

ભગવાન આત્માની પૂર્ણાનંદ નિધિમાં અંતર ઐકયતા દ્વારા જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-શુકલધ્યાન અને કેવળજ્ઞાન એકધારાએ પ્રગટ થાય છે. ત્રણકાળ-ત્રણલોકમાં બીજો કોઈ માર્ગ નથી. વીતરાગમાર્ગે જ વીતરાગતા પ્રગટ થાય છે. રાગના માર્ગે વીતરાગતા ન પ્રગટે.

ઊર્ધ્વલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર જેવા મહા પુણ્યવંત જીવો પણ ભગવાન પાસે આ વીતરાગતાની વાત સાંભળવા જાય છે અને કહે છે કે હે નાથ! તમારો માર્ગ જ સત્ય છે.

અહા! સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની વાણીનું રહસ્ય અહીં ટૂંકામાં બતાવી દીધું. 'આત્માનો મોક્ષ અંતર ઐકયતાથી થાય છે' એ જ રહસ્ય છે. રાગથી પૃથકતા અને સ્વભાવની એકતા કરવી તે જ મોક્ષમાર્ગ છે. સમયસારમાં પણ 'એકત્વ-વિભક્ત આત્માની' વાત કરી તેમાં આ વાત આવી ગઈ.

અનંત પરમાત્મા થઈ ગયા, વર્તમાનમાં બિરાજે છે અને અનંત પરમાત્મા ભવિષ્યમાં થશે એ બધાંનું રહસ્ય આ એક છે કે ભાઈ! રાગની ઉપેક્ષા કર! સ્વભાવની અપેક્ષા કર અને ઠર! બસ મુક્તિ...બીજો કોઈ મુક્તિનો ઉપાય નથી.

હવે 'જ્ઞાનાર્ણવ'નો આધાર આપીને એ જ વાત કહે છે કે 'રાગી જીવ કર્મોથી બંધાય છે અને વીતરાગી જીવ કર્મોથી મુક્ત થાય છે.' અહીં રાગીનો અર્થ રાગની સાથે એકતા માનવાવાળો જીવ. સમ્યગ્દૃષ્ટિને પણ રાગ તો છે પણ રાગની સાથે એકતા નથી માટે તે કર્મોથી બંધાતા નથી. સમ્યગ્દૃષ્ટિને પાંચ ઇન્દ્રિયના ભોગ, લડાઈ આદિ બધાંનો રાગ હોય પણ તેમાં એકતા નથી...એકવાર ભિન્ન પડયું તે એક થતું નથી. ભિન્ન જ રહે છે.

વીતરાગી જીવ કર્મોથી મુક્ત થાય છે. અને રાગી જીવ કર્મ બાંધે છે, બસ, આ જ બંધ-મોક્ષ સંબંધી જિનેન્દ્રનો સંક્ષેપમાં ઉપદેશ છે. વીતરાગપ્રભુ ભલે દેહમાં બિરાજતાં હો કે ન હો, વાણી હો કે ન હો પણ ભગવાનનો ઉપદેશ આ છે. અહીં ટૂંકામાં તેનો સાર બતાવ્યો છે.

(ક્રમશઃ)

—✻—

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ બાર ભાવનાનું વર્ણન છે; ભાવના એટલે અનુપ્રેક્ષા. આસ્રવ ભાવનાનો અર્થ એવો નથી કે આસ્રવની ભાવના કરવી; પણ તેના સ્વરૂપનો વિચાર કરવો તેનું નામ ભાવના છે. ભાવના કોને હોય? મારું સુખ મારામાં છે, મારું સુખ કોઈ સંયોગમાં કે પુણ્ય–પાપમાં નથી—એમ જેને આત્મામાં સુખબુદ્ધિ થાય તેને જ આ ભાવનાઓનું ખરું ચિંતવન હોય છે.

અહીં સંવરભાવનાનું વર્ણન છે. સંવર તે ધર્મ છે. સંવર તે જ મોક્ષમાર્ગ છે. ચિદાનંદ સ્વરૂપનું ભાન થઈને તેમાં એકાગ્રતા થતાં રાગાદિની ઉત્પત્તિ ન થવી તેનું નામ સંવર છે ને તે મોક્ષનું કારણ છે. સંવર શું છે તે કહે છે:—

**सम्यक्त्वं दशव्रतं महाव्रतं तथा जयः कषायाणाम् ।**
**एते संवरनामानः योगाभावः तथा च एव ॥ ९५ ॥**

**અર્થ:—સમ્યગ્દર્શન, દેવવ્રત, મહાવ્રત, કષાયજય તથા યોગનો અભાવ એ સર્વ સંવરનાં નામ છે. ૯૫.**

આત્માની અકષાય શાંતિ પ્રગટ થાય ને વિકાર અટકે તેનું નામ સંવર છે. સમ્યગ્દર્શન તે પહેલો સંવર છે. સમ્યગ્દર્શન વિના મિથ્યાત્વનો સંવર થાય નહિ. સમ્યગ્દર્શન તે જ ધર્મની પહેલી રકમ છે. જેને હજી કુદેવ–કુગુરુનો સંગ અને પ્રેમ છૂટયો નથી તેને તો ગૃહીત મિથ્યાત્વ પણ છૂટયું નથી, તેને સંવર ધર્મ હોય નહિ; દેવ કેવા હોય? કે સર્વજ્ઞ વીતરાગ હોય, આહારાદિ ન હોય; અને ગુરુ કેવા હોય? આત્માના આનંદમાં ઝૂલતા નગ્ન દિગંબર વીતરાગી સંત તે ગુરુ છે; એવી દશા વિના મુનિદશા હોય નહિ, અને વીતરાગી અનેકાંતસ્વરૂપ શાસ્ત્ર છે. આવા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને કુદેવાદિને ન છોડે તો ગૃહીત મિથ્યાત્વ છૂટે નહિ, તે ગૃહીત મિથ્યાત્વ છૂટયા વિના અગૃહીત મિથ્યાત્વ છૂટે નહિ, ને તેને સંવર ધર્મ થાય નહિ.

દેશવ્રત અને મહાવ્રતને સંવર કહ્યા, ત્યાં તેનો રાગ તે સંવર નથી, પણ પાંચમાં છઠ્ઠા ગુણસ્થાનની જેટલી વીતરાગી દશા છે તે સંવર છે એમ સમજવું.

"પૂર્વે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ પાંચ પ્રકારના આસ્રવ કહ્યા હતા તેને અનુક્રમપૂર્વક રોકવા એ જ સંવર છે." મિથ્યાત્વાદિને રોકવા તે ઉપચારનું કથન છે. ખરેખર અહીં સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વાદિનો ઉત્પાદ જ ન

થયો તેનું નામ સંવર છે. આત્માની સહજાનંદ સ્વભાવની અપ્રીતિ ને વિષય-કષાયની પ્રીતિ તેનું નામ મિથ્યાત્વ છે. ચોથા ગુણસ્થાને મિથ્યાત્વનો સંવર થાય છે પણ હજી અવ્રતનો સંવર થયો નથી. સમ્યક્ શ્રદ્ધા થતાં કુદેવાદિની માન્યતા રહે જ નહિ. સાચા દેવ-ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાનો શુભરાગ તે પણ પુણ્યાસ્રવ છે, તે ખરેખર સંવર નથી. લૌકિક ખાતર પણ જે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને તે મોટો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અરે! જૈનનો દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જો એમ માને કે બાહ્ય ક્રિયાકાંડથી, નિમિત્તથી કે રાગથી ધર્મ થશે-તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે, ને એવા જીવને ગુરુ તરીકે માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વના ત્યાગ વગર અવ્રતાદિનો ત્યાગ હોય જ નહિ, અને ચૈતન્યવસ્તુના ભાન વિના મિથ્યાત્વનો સંવર થાય નહિ.

અહો! જ્ઞાનસ્વભાવ છૂટો છે, તેને પરનો પ્રતિબંધ શો? જ્ઞાનમાં પરનો પ્રતિબંધ છે જ નહિ. છતાં "મારે આટલું કર્યા વગર ન ચાલે" એમ અજ્ઞાની જ્ઞાનમાં પ્રતિબંધ માને છે. જ્ઞાનસ્વભાવ એટલે ત્રણ લોકને જાણનારો છૂટો સ્વભાવ; ત્રણ લોકના પ્રતિબંધ વગરનું છૂટું તત્ત્વ છે, તેવા જ્ઞાનસ્વરૂપી તત્ત્વના ભાન વિના અજ્ઞાની જીવો બહારથી લાભ માનીને જ્ઞાનમાં પ્રતિબંધ કરે છે, તે જ સંસાર છે. જ્ઞાનને પરનો પ્રતિબંધ માનવો તે તો દેવને સાંકળથી બાંધવા જેવું છે! ચૈતન્યદેવ ત્રણલોકમાં છૂટું તત્ત્વ છે, તેને પરનો પ્રતિબંધ નથી. જેમ દેવ શીશીમાં પૂરાય નહિ, તેમ દિવ્ય જ્ઞાનશક્તિવાળો ચૈતન્યદેવ જડની ક્રિયાના કર્તાપણાથી બંધાય નહિ-એવો તેનો સ્વભાવ છે.

આવા મોકળા-છૂટા જ્ઞાનસ્વભાવને જે માનતો નથી ને "બહારમાં આટલું કરું તો મને લાભ થાય" એમ માને છે તેને મિથ્યાભ્રાંતિ છે; સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાને એવી ભ્રાંતિ હોતી નથી, એટલે તેને મિથ્યાત્વનો સંવર છે. જ્ઞાયકસ્વભાવ દિવ્ય ચિદાનંદ શક્તિવાળો દેવ છે, તેની પ્રતીત થતાં ધર્મીને મિથ્યાત્વનો આસ્રવ થતો નથી એટલે તેનો સંવર થાય છે.

એ પ્રમાણે ચૈતન્યસ્વભાવનું ભાન થયા પછી તેમાં અંશે અપ્રતિબદ્ધપણું પ્રગટ થયું ત્યાં દેશવિરતિ નામનું પાંચમું ગુણસ્થાન પ્રગટે છે, ને ત્યાં અવિરતિનો એકદેશ સંવર થાય છે. છઠ્ઠા ગુણસ્થાને મુનિદશામાં અવિરતિનો સંવર થાય છે. ચૈતન્યના ભાન પછી તેમાં લીન થતાં અંશે આસક્તિ છૂટી ગઈ, તેટલો સંવર છે. બાર અણુવ્રતનો શુભરાગ તે ખરેખર સંવર નથી.

જૈનદર્શનના સંત પંચમહાવ્રતધારી દિગંબર મુનિને દેહ ઉપર વસ્ત્રાદિ હોતાં નથી, એટલો સંવર થઈ ગયો છે. છઠ્ઠા ગુણસ્થાને મુનિદશામાં અવિરતિનો ભાવ છૂટી ગયો છે, ત્યાં વસ્ત્ર વગેરે સહજ છૂટી જાય છે. અંદરમાં ચૈતન્યસ્વભાવમાં લીનતા

થઈ તે સંવર છે. પંચમહાવ્રતના વિકલ્પને સંવર નથી કહ્યો, તે તો આસ્રવ છે, પ
અંદર સ્વભાવના અવલંબને જે અકષાયભાવ પ્રગટી ગયો છે તેનું નામ અવિરતિ
સંવર છે જેને વસ્ત્રાદિનો પરિગ્રહ હોય તેને તો મુનિદશાને યોગ્ય સંવર હો
નથી. અનાદિ સનાતન વીતરાગમાર્ગ તો આ પ્રમાણે છે કે મુનિદશા નિર્ગ્રંથ દિગંબ
જ હોય. દેહાદિની ક્રિયાથી જે લાભ માને તે મિથ્યાદૃષ્ટિ છે, ને વસ્ત્રાદિ પરિગ્રહવાળ
દશામાં પણ જે મુનિપણું માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે. મુનિ તો આત્માના નિરાકુ
આનંદની લહેરમાં ઝૂલતા હોય છે ને બહારમાં પરિગ્રહ છૂટી ગયો છે, એવા મુનિ
અવિરતિનો સંવર હોય છે. હજી જેને મિથ્યાત્વનો સંવર પણ નથી તેને તે
મુનિદશા હોય જ નહિ.

સાતમા ગુણસ્થાને અપ્રમત્તભાવ પ્રગટતાં ત્યાં પ્રમાદનો સંવર થયો, બારમ
ક્ષીણમોહગુણસ્થાને વીતરાગતા છે, ત્યાં કષાયનો સંપૂર્ણ સંવર થયો, તથા ચૌદમ
ગુણસ્થાને અયોગીદશા પ્રગટી ત્યાં યોગનો સંવર થયો. તેરમા ગુણસ્થાને કેવળ
ભગવાનને પણ હજી યોગનો સંવર નથી. યોગનો સંવર ચૌદમા ગુણસ્થાને અયોગ
જિનને થાય છે. ચોથા ગુણસ્થાનથી સંવરની શરૂઆત થઈને ચૌદમા ગુણસ્થાને
સંવર પૂરો થયો. આત્માનું ભાન થઈને જેમ જેમ તેનું અવલંબન વધતું જાય છે
તેમ તેમ સંવર થતો જાય છે, એમ જાણવું. એ સિવાય બહારની ક્રિયાથી કે રાગથ
સંવર થતો નથી.

હવે સંવરના વિશેષ કારણો કહે છે:—

गुप्तयः समितयः धर्मः अनुप्रेक्षाः तथा परीषहजयः अपि ।
उत्कृष्टं चारित्रं संवरहेतवः विशेषेण ॥ ९६ ॥

**અર્થ:**—કાય-મન-વચન એ ત્રણ ગુપ્તિ, ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપણ
તથા પ્રતિષ્ઠાપના એ પાંચ સમિતિ, ઉત્તમક્ષમાદિ દસલક્ષણધર્મ, અનિત્યાદિ બાર
અનુપ્રેક્ષા, બાવીસ પરિષહજય તથા સામાયિકાદિ ઉત્કૃષ્ટ પાંચ પ્રકારનાં ચારિત્ર એટલા
વિશેષપણે સંવરના કારણો છે. ૯૬.

શરીરની ક્રિયાને હું રોકી શકું એમ માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. તેને કાય-
ગુપ્તિ હોતી નથી, પણ કાયાથી ભિન્ન મારું સ્વરૂપ છે એમ જાણીને સ્વભાવમાં
એકાગ્રતાથી કાયા તરફનું લક્ષ છૂટી જાય તેનું નામ કાયગુપ્તિ છે. એ જ પ્રમાણે
મનગુપ્તિ અને વચનગુપ્તિમાં પણ બહારની ક્રિયાની વાત નથી, પણ સ્વભાવમાં
એકાગ્રતા થતાં મન-વચન તરફ વલણ જ ન જાય તેનું નામ મનગુપ્તિ ને વચનગુપ્તિ છે.

હું શુદ્ધ ચિદાનંદ સ્વભાવી છું-એવા ભાનપૂર્વક અકષાયભાવ વધી જતાં તીવ્ર
રાગભાવ થતો નથી, ત્યાં ઈર્યા, ભાષા, વગેરે સમિતિ હોય છે. "જોઈને ચાલવું"

એમ કહ્યું, ત્યાં શરીરને ચલાવવાની ક્રિયા કાંઈ આત્મા કરી શકતો નથી, પણ તેનો અર્થ એવો છે કે ચૈતન્યના ભાનપૂર્વક તેવો તીવ્ર રાગભાવ ન થવા દેવો–તેનું નામ સમિતિ છે.

હું ભાષા બોલું–એવી જેની માન્યતા છે તેને તો જડ ભાષાનું અભિમાન છે, તેને ભાષા સમિતિ હોતી નથી. ભાષા તો જડનું પરિણમન છે. હોઠના કારણે પણ ભાષા નથી. ભાષા તો ભાષાવર્ગણાના પરમાણુઓમાંથી થાય છે, ને હોઠ તો આહાર વર્ગણામાંથી બને છે. જીભ અને હોઠથી પણ ભાષા બોલાતી નથી, તો આત્મા ભાષા બોલે એ વાત ક્યાં રહી?

મેસૂબ કરવામાં તેના ખાસ લોટને બદલે બીજો લોટ ન ચાલે. મગજના લોટમાંથી મેસુબ ન થાય, તેમ જગતમાં આહારવર્ગણા અને ભાષાવર્ગણા ભિન્ન ભિન્ન છે, તેમાંથી આહારવર્ગણામાંથી શરીર બને છે, અને ભાષાવર્ગણામાંથી ભાષા બને છે, આહારવર્ગણામાંથી ભાષા બનતી નથી ને આત્મા પણ ભાષાનો કર્તા નથી.

આત્માના ભાનપૂર્વક અપ્રમાદભાવ રહે, ને ભાષા વખતે પ્રમાદભાવ ન થાય તેનું નામ ભાષા સમિતિ છે.

એષણા સમિતિનો અર્થ એવો નથી કે આત્મા નિર્દોષ આહાર પાણીને લઈ શકે છે, આહાર વખતે આહારનો ગૃદ્ધિભાવ ન થઈ જાય ને સ્વભાવની દૃષ્ટિપૂર્વકની વીતરાગી સ્થિરતા ટકી રહે તેનું નામ એષણા સમિતિ છે. તે વખતે શુભરાગ છે તે પુણ્યાસ્રવ છે, તે કાંઈ સંવર નથી.

આદાનનિક્ષેપણ સમિતિ એટલે શું? પુસ્તક, પીંછી વગેરે વસ્તુઓ લેવા મૂકવાની ક્રિયા તો જડની છે, તેનો કાંઈ આત્મા કર્તા નથી, પણ અંદરમાં ચૈતન્યની સ્થિરતામાં એવો અરાગભાવ વધી ગયો એટલે પ્રમાદ ભાવ થતો નથી, તેવી દશાનું નામ આદાનનિક્ષેપણ સમિતિ છે.

પ્રતિષ્ઠાપન સમિતિમાં પણ બહારની ક્રિયાની વાત નથી, પણ તે જાતનો અપ્રતિબદ્ધ વીતરાગભાવ ટકી રહેવો તે સંવર છે.

ઉત્તમ ક્ષમા વગેરે ધર્મ તથા બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન તે પણ સંવરનાં કારણો છે. ૨૨ પરિષહજય તે પણ સંવરનું કારણ છે. પરિષહજય એટલે શું? બહારમાં પ્રતિકૂળતાના પ્રસંગ વખતે પણ અંદર ચિદાનંદ સ્વભાવને સ્વજ્ઞેયપણે રાખીને શાંતિના અનુભવમાં એકાગ્ર રહેવું ને રાગ–દ્વેષ થવા ન દેવો તેનું નામ પરિષહજય છે. તેમ જ સામાયિક વગેરે પાંચ પ્રકારનાં ઉત્કૃષ્ટ ચારિત્ર તે પણ સંવરનાં કારણો છે.

હવે ગુપ્તિ વગેરેનો અર્થ કહે છે:—

गुप्तिः योगनिरोधः समितिः च प्रमाद वर्जनं चैव ।
धर्मः दयाप्रधानः सुतत्त्वचिन्ता अनुप्रेक्षा ।। ९७ ।।

અર્થ:—યોગનો નિરોધ તે તો ગુપ્તિ છે, પ્રમાદ તજી યત્નાચારપૂર્વક પ્રવર્તવું તે સમિતિ છે, જેમાં દયા પ્રધાન હોય તે ધર્મ છે તથા ભલા તત્ત્વો અર્થાત્ જીવાદિ તત્ત્વો અને નિજસ્વરૂપનું ચિંતવન તે અનુપ્રેક્ષા છે. ૯૭.

જેમાં દયા પ્રધાન હોય તે ધર્મ છે; પોતાના આત્માની દયા પણ સાથે જ આવી. પોતાના આત્માની દયા કઈ રીતે પળાય? કે અજ્ઞાન અને રાગદ્વેષથી આત્માને દુઃખ થાય છે, તેને ચૈતન્યસ્વભાવનું ભાન અને વીતરાગતા કરીને બચાવવો તેનું નામ આત્માની દયા છે. આત્મામાં રાગાદિભાવો થાય તે હિંસા છે, ને રાગાદિભાવો ઉત્પન્ન ન થાય તેનું નામ દયા છે. અહો! શાંતમૂર્તિ આત્મા છે, એનું ભાન કરીને તેમાં ઠરવું તેનું નામ આત્માની દયા છે. સિંહ દેખીને ભાગે - તેમાં તો દ્વેષ અને ભય છે તે કાંઈ પોતાની દયા ન કહેવાય.

સમ્યક્ તત્ત્વોનું ચિંતવન તે અનુપ્રેક્ષા છે. જીવાદિ તત્ત્વોનું ચિંતવન અથવા પોતાના સ્વરૂપનું ચિંતવન તે અનુપ્રેક્ષા છે. વીતરાગે કહેલાં તત્ત્વો તે જ સુતત્ત્વો છે. અજ્ઞાનીઓએ કલ્પેલાં તત્ત્વો તો કુતત્ત્વ છે. વીતરાગે કહેલાં તત્ત્વોને જાણીને તેમના વિચાર કરે અથવા સ્વરૂપનું ચિંતવન કરે, તેમાં જેટલી રાગરહિત દશા થાય તેનું નામ સંવર છે.

હવે પરિષહજયનો અર્થ કહે છેઃ—

सः अपि परीसहविजयः क्षुधादिपीडानां अतिरौद्राणाम् ।
श्रवणानां च मुनीनां उपशमभावेन यत् सहनम् ।। ९८ ।।

અર્થ:— અતિ રૌદ્ર ભયાનક ક્ષુધાદિ પીડાને ઉપશમભાવ અર્થાત્ વીતરાગ ભાવ વડે સહવી તેને જ્ઞાની જે મહામુનિ છે તે પરિષહોનો જય કર્યો કહે છે. ૯૮.

સ્વભાવની શાંતિની સ્ફૂરણા થઈ છે, ત્યાં બહારના પ્રતિકૂળ પ્રસંગમાં અણગમો ન થાય એવો જે વીતરાગભાવ તે પરીષહજય છે. ખરેખર સમ્યગ્દર્શન પછી પાંચમાં છઠ્ઠા ગુણસ્થાને પરીષહજય હોય છે. બહારમાં ભયાનક ક્ષુધા વગેરે પરીષહ આવે પણ સંતો તો સ્વભાવને સ્પર્શતા અંદરમાં ઊંડા ઉતરતા જાય ને રાગદ્વેષ ભાવ જ નહિ થતાં તેમને પરીષહજય હોય છે.

ચારિત્ર કોને કહેવું તે કહે છેઃ—

आत्मस्वरूपं वस्तु त्यक्तं रागादिकैः दोषैः ।
स्वध्याने निलीनं तत् जानीहि उत्तमं चरणम् ।। ९९ ।।

[ જુઓ અનુસંધાન પાનું...૨૭ ]

# ચૈતન્ય-અનુવર્તી પરિણામના વિવિધ ભેદો

શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

ભગવાનની વાણીમાં કહેલાં છ દ્રવ્યોનું વર્ણન ચાલે છે, તેમાં જીવદ્રવ્યનું વર્ણન કર્યું, તેમાં છ પ્રકારે વર્ણન કર્યું.

(૨) "વળી, જે ગલન-પૂરણસ્વભાવ સહિત છે (અર્થાત્ છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે) તે પુદ્ગલ છે. આ (પુદ્ગલ) શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે; આના મૂર્ત ગુણો છે. આ અચેતન છે; આના અચેતન ગુણો છે."

છૂટા પડવું કે ભેગા થવું તે પુદ્ગલનો સ્વભાવ છે. તે જીવને કારણે નથી; તે પુદ્ગલમાં શ્વેત રંગ વગેરે છે; શ્વેતપણું તે વર્ણગુણની પર્યાય છે; તે વર્ણ ગંધ રસ વગેરે પુદ્ગલનાં ગુણો છે. પુદ્ગલના આધારે સફેદ વગેરે રંગની અવસ્થા થાય છે, બીજો કોઈ તેનો કર્તા નથી. પુદ્ એટલે ભેગા થવું ને ગલ એટલે છૂટા પડવું-એવો પુદ્ગલનો સ્વભાવ છે. અહીં રંગ વગેરેની વાત ન કરતાં તેની શ્વેત વગેરે પર્યાયથી વાત કરી છે. એ રીતે પર્યાયને ગુણ કહેવાની શૈલિ છે. પુદ્ગલમાં રંગ વગેરે ગુણની જે શ્વેત વગેરે પર્યાયો થાય છે તેનો તે આધાર છે, તેથી તે પુદ્ગલદ્રવ્ય મૂર્ત છે ને અચેતન છે, તથા તેના ગુણો પણ મૂર્ત અને અચેતન છે; તેના પર્યાયોની વિશેષ વ્યાખ્યા અજીવ અધિકારમાં કહેશે.

છ દ્રવ્યો જગતના સ્વયંસિદ્ધ સત પદાર્થો છે, કોઈએ તેમને કર્યાં નથી, તેમ કોઈ કોઈના આધારે રહ્યાં નથી.

(૩) "સ્વભાવગતિ ક્રિયારૂપે અને વિભાવગતિ ક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે."

જીવ અને પુદ્ગલો ગતિપણે પોતે પોતાના સ્વભાવથી કે વિભાવથી પરિણમે છે, તેમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે.

ચૌદમા ગુણસ્થાનના અંતે જીવ ઊર્ધ્વગમન સ્વભાવથી લોકાંતે જાય તે જીવની સ્વભાવગતિ ક્રિયા છે અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે તે જીવની વિભાવગતિક્રિયા છે. એક છૂટો પરમાણુ ગતિ કરે તે પુદ્ગલની સ્વભાવગતિ ક્રિયા છે અને પુદ્ગલસ્કંધ ગમન કરે તે પુદ્ગલની (-સ્કંધમાંના દરેક પરમાણુની) વિભાવગતિ ક્રિયા છે. આ સ્વાભાવિક તેમજ વૈભાવિક ગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.

લાકડી ચાલે ત્યાં તેનો દરેક પરમાણુ પોતાની વિભાવગતિથી ચાલે છે, હાથને લીધે નહિ, ઇચ્છાને લીધે પણ નહિ; તેની ગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે. સ્વભાવગતિ હો કે વિભાવગતિ હો, તે પોતાથી જ છે, ને તેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે. આ દ્રવ્ય અમૂર્ત અને અચેતન છે.

(૪) "સ્વભાવસ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિ ક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્થિતિનું (-સ્વભાવસ્થિતિનું અને વિભાવસ્થિતિનું) નિમિત્ત તે અધર્મ છે."

સ્થિર થવું તે પણ એક પ્રકારની ક્રિયા છે. સિદ્ધ ભગવાન લોકાગ્રે સ્થિર રહે છે તે તેમની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે, તેમાં અધર્મદ્રવ્ય નિમિત્ત છે.

સિદ્ધદશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સંસાર દશામાં સ્થિર રહે તે જીવની વૈભાવિક સ્થિતિક્રિયા છે. એકલો પરમાણુ રહે તે પુદ્ગલની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સ્કંધ સ્થિર રહે તે પુદ્ગલની (-સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે. આ જીવ-પુદ્ગલની સ્વાભાવિક તેમ જ વૈભાવિક સ્થિતિક્રિયામાં અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.

ઠવણી ઉપર પુસ્તક રહ્યું છે, તેમાં તે પુસ્તકનો દરેક પરમાણુ પોત પોતાની વૈભાવિક સ્થિતિક્રિયાથી રહેલો છે, તેમાં અધર્મદ્રવ્ય નિમિત્ત છે. ઉપાદાન તે દરેક પરમાણુનું પોતાનું છે, ને તેમાં નિમિત્ત અધર્મદ્રવ્ય છે, એવો અધર્મદ્રવ્યનો સ્વભાવ છે.

આ અધર્મદ્રવ્ય પણ અમૂર્ત અને અચેતન છે. ધર્મ-અધર્મદ્રવ્ય આખા લોકમાં રહેલાં છે.

(૫) પાંચ દ્રવ્યોને અવકાશદાન (અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ છે. આ પદાર્થ લોકાલોક વ્યાપક છે. પોતે તો ક્ષેત્રસ્વરૂપ જ છે ને બાકીના પાંચ દ્રવ્યોને તે અવકાશ આપે છે.

(૬) પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ છે.

કાળ પોતે પોતાને નિમિત્ત ન કહેવાય, બાકીનાં પાંચ દ્રવ્યો સ્વયં પરિણમી રહ્યાં છે, તેમાં કાળ નામનું દ્રવ્ય નિમિત્ત છે.

આવાં છ દ્રવ્યો સર્વજ્ઞ ભગવાને અનાદિ અનંત સ્વતંત્ર જોયાં છે.

ધર્મ-અધર્મ-આકાશ અને કાળ એ ચારે અમૂર્ત અજીવ દ્રવ્યો છે, તે ચારે દ્રવ્યના ગુણો શુદ્ધ છે, ને પર્યાયો પણ શુદ્ધ છે. તેનું રૂપાંતર થાય તે શુદ્ધ છે, ને આકૃતિ પણ શુદ્ધ જ છે. અર્થ અને વ્યંજન પર્યાય બંને તેમને શુદ્ધ છે.

જુઓ! આ ચાર દ્રવ્યો એકલા પરમપારિણામિક સ્વભાવે છે, તેની ઉપમા
આગળ આત્મામાં આપીને આત્માનો પરમપારિણામિકસ્વભાવ અને કારણશુદ્ધપર્યાય
સમજાવશે.

આ છ દ્રવ્યોની ઓળખાણ કરવી તે વ્યવહાર શ્રદ્ધા છે. આત્માના ભાન સહિત
સાધકદશામાં આવી છ દ્રવ્યની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે. તેને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે.

એ પ્રમાણે છ દ્રવ્યનું વર્ણન કર્યું.

હવે નવમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા છ દ્રવ્યની
શ્રદ્ધાનું ફળ વર્ણવે છે :

[શ્લોકાર્થ:—] એ રીતે તે ષટ્દ્રવ્ય સમૂહરૂપી રત્નને—કે જે (રત્ન) તેજના
અંબારને લીધે કિરણોવાળું છે અને જે જિનપતિના માર્ગરૂપી સમુદ્રનાં મધ્યમાં રહેલું
છે તેને—જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં ભૂષણાર્થે (શોભા માટે) ધારણ કરે છે,
તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ જે પુરુષ અંતરંગમાં છ
દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરે છે, તે મુક્તિ લક્ષ્મીને વરે છે). ૧૬.

છએ દ્રવ્યોને રત્નની ઉપમા આપી છે. તે છએ દ્રવ્યો પોતપોતાની પર્યાય વડે
શોભી રહ્યાં છે; જિનેન્દ્રદેવના માર્ગ સિવાય આ છ દ્રવ્યો બીજે ક્યાંય હોતાં નથી,
તેથી જિનમાર્ગરૂપી જે સમુદ્ર તેની મધ્યમાં આ છ દ્રવ્યના સમૂહરૂપી રત્ન રહેલું છે. જે
તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ પોતાના જ્ઞાનમાં આ છ દ્રવ્યોને જાણે છે, તે પુરુષ મુક્તિલક્ષ્મીને
પામે છે. આ છ દ્રવ્યનું યથાર્થજ્ઞાન તે આત્માની શોભાનું કારણ છે; છ દ્રવ્યની યથાર્થ
શ્રદ્ધા કરનાર મુક્તિ પામે છે.

જ્ઞાનનો સ્વભાવ આવાં છ દ્રવ્યોને જ્ઞેય કરવાનો છે. એવા જ્ઞાનસ્વભાવની પ્રતીત
કરી તેમાં છએ દ્રવ્યોની પ્રતીત સમાઈ ગઈ, તેથી જે હડકાના આત્માને જ્ઞાનસ્વભાવની
શ્રદ્ધા છે તેને પણ છ દ્રવ્યની શ્રદ્ધાની સૂક્ષ્મબુદ્ધિ છે. જ્ઞાનના તેજમાં છએ દ્રવ્યો
જણાય છે. છએ દ્રવ્યોમાં જ્ઞાનનું જ્ઞેય થવાની તાકાત છે. આવાં છ દ્રવ્યોને જે જીવ
પોતાના આત્માની શોભા માટે જાણીને શ્રદ્ધા કરે છે તે પુરુષ મોક્ષને પામે છે.

સર્વજ્ઞે કહેલાં છ દ્રવ્યોનું કથન કર્યું પણ અહીં જીવનો અધિકાર છે તેથી
જીવનું વર્ણન કહે છે:—

ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન–જ્ઞાન છે;
જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.

અર્થ:—જીવ ઉપયોગમય છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે
પ્રકારનો છે: સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન.

જીવ ઉપયોગમય છે. ઉપયોગ કહેતાં અહીં પરિણામ છે.

"અહીં આ ગાથામાં ઉપયોગનું લક્ષણ કહ્યું છે." જીવ ઉપયોગમય છે. તે ઉપયોગનું લક્ષણ અહીં કહ્યું છે.

"આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે."

ચૈતન્યને અનુસરનારો પરિણામ તે ઉપયોગ છે. આત્મા ચેતન છે, ને ચૈતન્ય તેનો સ્વભાવ છે, તે ચૈતન્યને અનુસરીને વર્તનારા પરિણામને ઉપયોગ કહે છે. જુઓ! આ ઉપયોગની વ્યાખ્યા! ઉપયોગની આ વ્યાખ્યા બધા પ્રકારના ઉપયોગમાં લાગુ પડશે. ઉપયોગ કોઈ પરને કે ઇન્દ્રિયાદિને અવલંબતો નથી, પણ ચૈતન્યને અનુસરીને થાય છે.

ઉપયોગ તે ધર્મ છે અને જીવ ધર્મી છે. ઉપયોગ તે સ્વભાવની પર્યાય છે માટે તે ધર્મ છે ને જીવ તે પર્યાયનો ધરનાર છે, તેથી તે ધર્મી છે. જેટલા ઉપયોગના પ્રકાર પડે તે કોઈ બીજાથી નથી પણ જીવનો જ ધર્મ છે. મતિજ્ઞાન ઉપયોગ હો કે ત્રિકાળ શુદ્ધ ઉપયોગ હો, તે બધાય ઉપયોગ જીવનો ધર્મ છે, ને જીવ ધર્મી છે. ઉપયોગના ત્રિકાળ એકરૂપ પરિણામ અને બાર પ્રકારના પરિણામ તે બધા ઉપયોગનું આમાં વર્ણન છે.

ચૈતન્યને અનુસરીને વર્તનારા પરિણામના કુલ ચૌદ પ્રકાર પડશે. બે ત્રિકાળરૂપ ઉપયોગ જ્ઞાનના તથા ૪ દર્શનના—એમ બધા મળી ચૌદ પ્રકાર પડશે.

ચૈતન્યને અનુસરનારો પરિણામ તે ઉપયોગ છે. અહીં પર્યાયની વ્યાખ્યા છે, ગુણ ને દ્રવ્યનું આ વર્ણન નથી. આ ઉપયોગ તે ધર્મ છે, ને જીવ તેને ધરનારો ધર્મી છે. ઇન્દ્રિય કે મનને લીધે મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ થાય છે એમ નથી, પણ તે ઉપયોગ જીવનો ધર્મ છે.

આ ઉપયોગ ધર્મ છે, અને જીવ ધર્મી છે, તેમને દીપક અને પ્રકાશ જેવો સંબંધ છે. જેમ દીવો તે ધર્મી અને પ્રકાશ તેનો ધર્મ; તે દીપકનો પ્રકાશ પરને લીધે નથી, તેમ આત્મા ચૈતન્યદીપક છે, ને ઉપયોગ તેનો પ્રકાશ છે. આત્મા ધર્મી ને ઉપયોગ તેનો ધર્મ છે.

તે ઉપયોગ જ્ઞાન અને દર્શન એવા બે પ્રકારનો છે. તે જ્ઞાન ઉપયોગ પણ સ્વભાવ જ્ઞાન ઉપયોગ અને વિભાવ જ્ઞાન ઉપયોગ એવા બે પ્રકારનો છે.

સ્વભાવ જ્ઞાન ઉપયોગ અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે.

આમાં કારણ અને કાર્ય બંને પ્રકારનાં સ્વભાવજ્ઞાન આવી જાય છે. ભગવાન આત્મા ઉપયોગ સ્વરૂપ છે, તે ઉપયોગનો સ્વભાવજ્ઞાન ઉપયોગ નામનો પ્રકાર છે તે અમૂર્ત છે, અવ્યાબાધ છે, અતીન્દ્રિય છે ને અવિનાશી છે. કેવળજ્ઞાન તે કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગ છે, ને તે પ્રગટ્યા પછી અવિનાશી-એવો ને એવો રહે છે.

અહીં પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદ નહિ લ્યે; પહેલાં ભેદો બતાવીને પછી તેમાં પ્રત્યક્ષ અને પરોક્ષની વાત કરશે.

૧૧-૧૨ મી ગાથામાં જે સ્વરૂપ પ્રત્યક્ષનું વર્ણન આવશે તે જ અહીં છે. સ્વભાવ જ્ઞાન ઉપયોગ છે તે વાત કરી, તેમાંથી પ્રત્યક્ષ અને પરોક્ષની વાત ૧૧-૧૨ માં લેશે. असहायं એવો શબ્દ ૧૧ મી ગાથામાં છે તે ઉપરથી ટીકામાં પ્રત્યક્ષ અને પરોક્ષની વાત કાઢશે.

જે સ્વભાવજ્ઞાન-ઉપયોગ છે તેના બે ભેદ છે. એક કારણરૂપ સ્વભાવજ્ઞાન ઉપયોગ, ને બીજો કાર્યરૂપ સ્વભાવજ્ઞાન-ઉપયોગ, તેમાં અહીં જે કારણરૂપ સ્વભાવ જ્ઞાન ઉપયોગ છે તેને જ હવે પછીની ગાથામાં સ્વરૂપપ્રત્યક્ષ ઉપયોગ કહેશે; તે બન્ને જુદા નથી. "કારણશુદ્ધપર્યાય"માં તો બધા ગુણોની પર્યાય આવી જાય છે ને અહીં તો ઉપયોગની જ વાત છે. આ ગાથામાં તો માત્ર ઉપયોગના ભેદો બતાવવા છે. પ્રત્યક્ષ-પરોક્ષની વાત આ ગાથામાં નહિ લ્યે.

આત્મા ઉપયોગમય છે, તે ઉપયોગને અહીં ઓળખાવે છે.

ઉપયોગના દર્શન-જ્ઞાન બે ભેદ પાડ્યા. તેમાં જ્ઞાન ઉપયોગના સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન એવા બે પ્રકાર છે. સ્વભાવજ્ઞાન પણ કારણ અને કાર્ય એવા બે પ્રકારનું છે. કેવળજ્ઞાન ઉપયોગ તે કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ છે, ને તેના કારણરૂપ ઉપયોગ તે કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ છે. આ બંને પર્યાયો છે. છતાં પર્યાયમાંથી પર્યાય આવે એવી વાત નથી. આ તો અપૂર્વ અલૌકિક વાત છે. ટીકાકાર મુનિ નિર્ગ્રંથ ભાવલિંગી દિગંબર સંત હતા, તેમણે અપૂર્વ અમૃત રેડ્યા છે.

આપ્ત, આગમ અને તત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું. તેમાં જીવતત્ત્વના વર્ણનમાં આ બધું સમાઈ જાય છે.

જીવ કેવો છે:— જીવ ઉપયોગમય છે. ઉપયોગ એટલે શું? —આત્માનો ચૈતન્ય અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે. તે ઉપયોગ ધર્મ અને જીવ ધર્મી છે; ઉપયોગના જ્ઞાન અને દર્શન બે પ્રકાર છે. તેમાંથી અત્યારે જ્ઞાન ઉપયોગના પ્રકારોનું વર્ણન છે.

જ્ઞાન ઉપયોગના બે ભેદ : સ્વભાવજ્ઞાન-ઉપયોગ, ને વિભાવજ્ઞાન-ઉપયોગ.

તેમાંથી સ્વભાવજ્ઞાન-ઉપયોગના બે ભેદ છે; એક કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ, તે બધા જીવોને અનાદિ અનંત છે, ને બીજો કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ, તે સાદિ અનંત છે. વિભાવજ્ઞાનના સાત પ્રકાર છે, તેની વાત આગળ આવશે.

જેને કાર્યસ્વભાવ પ્રગટે છે તેને વિભાવજ્ઞાન હોતું નથી. વિભાવજ્ઞાનવાળાને પણ કારણસ્વભાવજ્ઞાન તો ત્રિકાળ હોય છે, પણ અજ્ઞાનીને તેનું ભાન નથી. જ્ઞાનીને સાધકદશામાં કારણસ્વભાવજ્ઞાનનું ભાન છે, છતાં હજી વિભાવજ્ઞાન પણ છે. વિભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન બંને એક સાથે હોય પણ વિભાવજ્ઞાન અને કાર્યસ્વભાવજ્ઞાન–એ બંને ઉપયોગ એક સાથે ન હોય.

કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ તો બધા જીવોને ત્રણે કાળે વર્તમાન વર્તી રહ્યાં છે. તે ધ્રુવ છે; એક આત્માને ઉપયોગના બધાય ભેદો એક સાથે નથી હોતા.

સ્વભાવ તરફનું યથાર્થ જ્ઞાન કરે તો આ ભેદોના જ્ઞાનને વ્યવહારજ્ઞાન કહેવાય છે.

સકળ વિમળ કેવળજ્ઞાન ઉપયોગ પ્રગટયો તે કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ છે. કેવળજ્ઞાન પણ એક અવસ્થા છે, ચૈતન્યને અનુસરીને થનારા પરિણામ છે. આ પરિણામ પૂર્વના ચાર જ્ઞાનને અનુસરીને થયેલ નથી, પણ ચૈતન્યને જ અનુસરીને થનારા છે. તેને કેવળજ્ઞાનાવરણીએ રોકયું હતું, ને ટળ્યું માટે કેવળજ્ઞાન ઉપયોગ પ્રગટયો—એમ નથી.

સ્વભાવજ્ઞાન-ઉપયોગ કહ્યો તે ગુણ નથી પણ પરિણામ છે. તેમાં કાર્યસ્વભાવ-ઉપયોગ તે કેવળજ્ઞાન છે, તે કેવળજ્ઞાન ઉપયોગ કોઈ નિમિત્તને કે પૂર્વ પર્યાયને અનુસરીને થતો નથી, પણ ચૈતન્યને અનુસરીને જ થાય છે. આ કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગ અમૂર્તિક છે. ઇન્દ્રિયના અવલંબન વગરનો છે, પ્રગટયા પછી એવો ને એવો રહે છે તેથી અવિનાશી છે, તે અવ્યાબાધ છે. આ કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ કેવળી ભગવાનને હોય છે.

જીવતત્ત્વમાં આટલી ગંભીરતા છે. આવા ભાવો જીવતત્ત્વમાં ભર્યા છે. જો આટલી બધીયે વ્યાખ્યા લાગુ ન પડે તો જીવતત્ત્વ પૂરું થતું નથી.

જે કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ કહ્યો, તે નવો પ્રગટે છે; તે કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગનું કારણ કોણ છે? પરમપારિણામિકભાવે રહેલું જે ત્રિકાળ નિરુપાધિક સહજજ્ઞાન છે તે કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ છે. આ ઉપયોગને જ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન ઉપયોગ આગળ કહેશે.

ચૈતન્યસ્વભાવને અનુસરીને જ્ઞાનના પરિણામ ત્રિકાળ ધ્રુવરૂપે રહેલા છે તે કેવળજ્ઞાન પ્રગટવાનું કારણ છે, પરમપારિણામિકભાવમાં રહેલું છે, ત્રિકાળ નિરુપાધિક છે

ને સહજ છે. આવો જ્ઞાન ઉપયોગ તે કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ છે. આ જ કેવળજ્ઞાનનું કારણ છે, બીજું કોઈ કારણ નથી—આ વાત ભેગી આવી જાય છે.

કેવળજ્ઞાન તે કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ છે, ને આ કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ પરમપારિણામિકભાવે સ્થિત ત્રિકાળ નિરુપાધિક સહજ જ્ઞાન છે, અહીં સહજ જ્ઞાન કહ્યું તે ગુણ નથી પણ પરિણામ છે. આ બંને સ્વભાવજ્ઞાન-ઉપયોગ છે. એ રીતે સ્વભાવ ઉપયોગની વાત કરી. [ ક્રમશઃ ] —૦—

( રાગમાં એકત્વ...પાનું ૨૦ થી ચાલુ )

અર્થ :—જે આત્મસ્વરૂપ વસ્તુ છે તેમાં રાગાદિ દોષ રહિત ધર્મ–શુકલધ્યાન પૂર્વક લીન થવું તેને હે ભવ્ય! તું ઉત્તમ ચારિત્ર જાણ! ૯૯.

આત્મસ્વરૂપ વસ્તુનું ભાન જેને નથી તેને આવું ચારિત્ર ક્યાંથી હોય કે આત્મવસ્તુ છે. ને તેમાં લીનતા પ્રગટી છે તેને જ ઉત્તમચારિત્ર હોય છે. બહારના ક્રિયાકાંડ કે વ્રતાદિના શુભ પરિણામ તે ખરેખર ચારિત્ર નથી. શુદ્ધ ચૈતન્ય વસ્તુનું ભાન કરીને તેમાં લીનતા થવી તેનું નામ ચારિત્ર છે, ને તે સંવર છે. [ક્રમશઃ] —૦—

## * ભાઈ! આવા કાળે તું તારું કામ કરી લે *

જેણે અંદરમાં આરાધના કરી એને ભગવાનના વિરહ નથી. અરે! અમારો ભગવાન અમારી પાસે છે. અમને ભગવાનના ભેટા થયા છે, અમે ભગવાન જ છીએ. આહાહા ! પંચમ કાળનાં મુનિઓએ અપૂર્વ કામ કર્યા છે. અહીંથી સ્વર્ગમાં ગયા છે ને ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જવાના. પંચમકાળમાં ભરતક્ષેત્રમાં અવતર્યા એટલે એકાદ ભવ બાકી રહી ગયો, મહાવિદેહમાંથી તો એ જ ભવે મોક્ષ જાય છે. છ માસ ને આઠ સમયમાં છસો ને આઠ જીવ મોક્ષે જાય અને એટલાં જ જીવો નિગોદમાંથી નીકળે, બાકી તો એમ ને એમ નિગોદમાં પડયા રહે છે. જ્યારે જુઓ ત્યારે નિગોદના એક શરીરમાં રહેલ જીવોના અનંતમાં ભાગે જ મોક્ષે જાય. આહાહા! એ નિગોદમાંથી નીકળીને આવા મનુષ્યના ભવ મળ્યા ને વીતરાગની વાણી મળી એ તો ધન્ય ભાગ્ય! મહા પુણ્યના થોક હોય.......મેરુ જેટલા પુણ્યના થોક હોય ત્યારે આવો યોગ મળે છે. હવે કામ કરવું એ એના હાથની વાત છે. ભાઈ! આવા કાળે તું તારું કામ કરી લે.—પૂજ્ય ગુરુદેવશ્રી

[ દ્રવ્યદૃષ્ટિ કર....પાનું ૧૦ થી ચાલુ ]

તે તો મિથ્યારૂપી મહાપાપ છે. તેનાથી તું વર્તમાન દુઃખી છો. આનંદસાગર નિજ ભગવાન આત્માને મિથ્યાત્વના કારણે દુઃખ વેઠવા પડે એવું તે કોણ ઇચ્છે ભાઈ! આનંદકંદ ભગવાન આત્મામાંથી ખસીને જે શુભભાવમાં—પર્યાયબુદ્ધિમાં—તણાઈ ગયો તેને પર્યાય સામું જોઈને કાંઈ કરવાનું નથી, પર્યાય સામું જોઈને શું કરે?

**'દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે.'**

આત્માની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. તે ક્યારે પ્રગટે? પર્યાયદૃષ્ટિ છોડી ત્રિકાળી નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વને અંતરમાં પકડે. અશુભ તેમજ શુભભાવથી તો જુદા પડવું છે, તો બાકી કયો ભાવ રહ્યો? શુદ્ધભાવ. દ્રવ્યદૃષ્ટિ કરતાં—ચૈતન્યને ગ્રહણ કરતાં—વર્તમાન પર્યાયમાં શુદ્ધભાવ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જાય છે.

સમયસારની છઠ્ઠી ગાથામાં કહ્યું છે :—

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે.

પર્યાયમાં ગુણસ્થાન વગેરેના જેટલા ભેદો છે તે બધા પરમાર્થે જ્ઞાયકભાવથી ભિન્ન છે. પર્યાયમાત્રથી સ્વરૂપે ભિન્ન એવા ત્રિકાળી નિજ જ્ઞાયકભાવને ગ્રહણ કર, તેનો આશ્રય કર, તેનું અવલંબન લે, દૃષ્ટિને તેમાં સ્થાપી દે. જ્ઞાનમાં એવો નિર્ણય કર કે બસ, કરવાનું તો આ જ છે. શુભરાગ છે તે કાંઈ જ્ઞાનની પર્યાય નથી. જ્ઞાયકભાવ તો અંતર્મુખ જ્ઞાનની પર્યાયથી જ પકડી શકાશે. અરે! ૮૪ લાખ યોનિનાં એ દુઃખ!—જીવતાં ઘાણીમાં પીલી નાખે, જીવતાં ચામડાં ઉતારે ને ખાર છાંટે, એવા દુઃખો તેં અનંતવાર સહન કર્યાં. ભાઈ! એ બધું મિથ્યાત્વભાવને લઈને છે. એ ભાવને છોડવાની આ વાત છે. એ મિથ્યાત્વભાવને અંતરમાંથી છોડે નહિ અને 'અમે ધર્મી છીએ' એમ માને, તો તેનાથી તને નુકસાન થશે પ્રભુ! અહીં તો કહે છે : અંતરમાં દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં નિર્મળતા—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—આવી જ જશે.

**'કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.'**

જેમ કૂવો ખોદવાથી પાણી આવશે જ, ક્યાંય બીજેથી લેવા જવું નહિ પડે, તેમ અંદર આત્મામાં વિભાવનું લક્ષ છોડી દઈ, અને ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મામાં લક્ષ સ્થાપવાથી ચૈતન્યપાતાળ ફૂટતાં પર્યાયમાં નિર્મળતાનો પ્રવાહ આપોઆપ ચાલુ થશે. કૂવો ખોદતાં પાણી આવશે જ. શુદ્ધ પર્યાયનો પ્રવાહ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પ્રવાહ. ચૈતન્યપાતાળ એ તો ત્રિકાળી ધ્રુવસ્વરૂપ છે. તેને ગ્રહણ કરવું એટલે ચૈતન્યમાં જેટલી શક્તિઓ છે તે બધીનું પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર

વગેરે સ્વરૂપે પરિણમવું. તારા જિનસ્વરૂપમાં—ચૈતન્યપાતાળમાં—અંદર સહજ જ્ઞાન અને સહજ આનંદ આદિ બધું પડયું છે; તેને તું ગ્રહણ કર. એમ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાયનો પ્રવાહ અંતરમાંથી આવશે. અંદરનું ચૈતન્યપાતાળ ફૂટે અને અંતરમાંથી નિર્મળતાનો પ્રવાહ ન આવે એમ કદી બની શકે જ નહિ.

ભગવાન આત્મા અંદર શાંતિનો કૂવો છે, અકષાયભાવનો સમુદ્ર છે, આનંદનો ઉદધિ છે. પ્રભુ! 'શુદ્ધ ચેતના સિન્ધુ હમારો રૂપ હૈ.' એને પકડ. શુભભાવથી એ નહિ પકડાય, કેમ કે તે સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. શુદ્ધભાવથી નિજ જ્ઞાયકદ્રવ્ય પકડાશે, કેમ કે તે સ્વભાવભાવ છે. અરેરે! જીવ જ્ઞાનમાં આવો નિર્ણય પણ ન કરે! ભાઈ! વીજળીના ઝબકારા જેટલો આ મનુષ્યભવ મળ્યો છે, વખત પૂરો થતાં એનો અંત આવી જશે. એક સમય એવો આવશે કે—'ભાઈને શું થયું?' એમ કહેતાં કહે ત્યાં તો ફડાક દઈને દેહ છૂટી જશે. તે કયાં એની ચીજ હતી? 'વીજળીના ઝબકારે મોતી પોઈ લો. ઝટ પોઈ લો.' આવો મનુષ્યદેહ, અરે! આવો ક્ષયોપશમ બીજે (કીડી-મકોડા વગેરેમાં) કયાં છે? ભાઈ! તું શુદ્ધોપયોગની શાંતિ દ્વારા અંદર શાંતિના સાગરને પકડ. એની જાતની ભાત પાડીને પકડ. તે બહારના સંયોગથી કે રાગાદિ વિભાવથી નહિ પકડાય.

શુભોપયોગને તો ઝેર કહ્યું છે. કેમ કે તે વિભાવ છે. ભાઈ! તેનું લક્ષ છોડી દે. એ તારી ચીજ નથી, પરમાર્થે એ તારામાં નથી અને તું એમાં નથી. અહા! એવા શુભભાવના વિભાવથી ખસી જઈ અંદર શાંત સુધારસ સિંધુમાં—ચૈતન્યતત્ત્વમાં—એકાગ્ર થઈ એને ગ્રહણ કર. એમાં એકાગ્ર થા તો જરૂર તને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. ચૈતન્યપાતાળને પકડતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થઈ જશે. અહા! શબ્દો સાદા, ભાષા બહુ ટૂંકી ને તેમાં સિદ્ધાંતોનો એકલો કસ ભર્યો છે!!!

—*—

## સુવર્ણપુરી સમાચાર:—

❊ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલે છે. સવારે જિનેન્દ્રપૂજન, ત્યારબાદ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસારના બંધ અધિકાર ઉપર અધ્યાત્મરસસભર ટેપ-પ્રવચન, ત્યાર પછી પુરુષો માટે શિક્ષણવર્ગ, બપોરે બ્ર૦ શ્રી ચંદુભાઈનું શ્રી નિયમસાર ઉપર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ અને સાંજે શ્રી કળશટીકા ઉપર ભાવવાહી શૈલીમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન અને ત્યારબાદ ગોગીદેવીમાં બહેનોની શાસ્ત્ર સભા—એ રીતે ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

❊ પરમ પૂજ્ય પરમોપકારી ગુરુદેવશ્રીની સાધનાભૂમિની અનુપમ શોભા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય હાલવા-ચાલવામાં નબળાઈ હોવા છતાં

સાધારણતઃ ઠીક છે. તેમના પાવન દર્શન અને તેઓની સ્વાનુભવરસનિર્ઝરણી અધ્યાત્મ
તત્ત્વચર્ચાનો અનુપમ લાભ મુમુક્ષુ સમાજ તેમજ મહેમાનોને યથાસમય મળતો રહે છે.

✻ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૨ મી જન્મજયંતી બાદ ક્ષમાપના પર્વ સુધીના
એક માસ દરમિયાન તેઓશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીના ચરણમાં તેમજ હારરૂપે આવેલી
રકમ રૂા. ૨૧૫૮૪-૦૦ જ્ઞાનદાન ખાતે જાહેર કરવામાં આવેલ હતી.

✻ પર્વાધિરાજ પાવનપર્વ-પર્યુષણપર્વ તથા ક્ષમાપનાપર્વ વિશેષ આનંદોલ્લાસપૂર્વક
ઉજવાયો હતો. આ પુનિત પ્રસંગે શ્રી દશલક્ષણધર્મ-મંડળ-વિધાન પૂજા
સ્વ. જાદવજીભાઈ જેચંદભાઈ ટીંબડીયાના સ્મરણાર્થે (૧) શાંતાબેન જાદવજીભાઈ જેચંદભાઈ
(૨) નિલમબેન ભોગીલાલ દેસાઈ સંબલપુર તરફથી રાખવામાં આવી હતી. આ પર્વ
દરમિયાન રોજ સવારે સમૂહપૂજન અને સાંજે પ્રતિક્રમણનો કાર્યક્રમ નિયમિત ચાલતો
હતો. પૂર્ણિમાના દિવસે આ મંગલપર્વની સાનંદ પૂર્ણાહૂતિના ઉપલક્ષમાં શ્રી જિનેન્દ્ર
ભગવાનની ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી.

✻ ક્ષમાપનાપર્વના દિવસે ભાવનગર, રાજકોટ, બોટાદ, સાવરકુંડલા, મોરબી વિગેરે
સૌરાષ્ટ્રના અનેક નગરોથી લગભગ ૪૦૦થી વધુ મુમુક્ષુઓ ક્ષમાપના નિમિત્ત પ્રશમમૂર્તિ
ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દર્શનાર્થે, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ-સોનગઢ
આવ્યા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય વિશાલ ચિત્રપટની સમક્ષ ગુરુ-ક્ષમાપના વિધિ
અને પૂજ્ય બહેનશ્રીના દર્શન-ક્ષમાપનાનો લાભ ભવ્ય અને આનંદદાયક રહ્યો હતો.

✻ આસો વદ ૧૧, શુક્રવાર તા. ૮-૧૧-૮૫થી આસો વદ ૦)) મંગળવાર તા. ૧૨-૧૧
-૮૫ સુધી શ્રી પંચકલ્યાણક-પૂજા-વિધાનપૂર્વક શ્રી મહાવીર નિર્વાણોત્સવ ઉજવવામાં આવશે.

✻ સોનગઢમાં સત સમાગમનો લાભ લેવા રહેતા કેટલાક નબળી આર્થિકસ્થિતિ-
વાળા મુમુક્ષુઓ માટે દશલક્ષણ પર્યુષણ પર્વ પ્રસંગે 'સાધર્મીવાત્સલ્ય ફંડ'માં રૂા.
૧૩૦૦૦/= અનેક મુમુક્ષુઓ તરફથી જાહેર કરવામાં આવ્યા હતા.

—✻—

## વૈરાગ્યસમાચાર:—

✻ મુંબઈ મંડળના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી મણીલાલ જેઠાલાલ શેઠ (વર્ષ-૮૦
આશરે) તા. ૧૭-૯-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

✻ ચોકડીનિવાસી (હાલ-કોઈમ્બતૂર) શ્રી નંદલાલ કસ્તુરચંદ ટોળીયા (વર્ષ-૪૭)
તા. ૯-૭-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

✻ ધ્રોળનિવાસી (હાલ સુરેન્દ્રનગર) શ્રી ચંદુલાલ મોહનલાલ મહેતાના
ધર્મપત્નિ ચંદનબેન (વર્ષ-૫૬) તા. ૧૩-૯-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ
વરસો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં સોનગઢ રહીને લાભ લીધો હતો.

— સદ્‌ગત આત્માઓને વીતરાગી દેવ-ગુરુ ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો;
વારંવાર સોનગઢ આવીને આત્મકલ્યાણની ભાવનાની પુષ્ટિ કરતા હતા. પરમ પૂજ્ય
ગુરુદેવશ્રીના અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના
શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—✻—

## પર્યુષણપર્વ નિમિત્તે પ્રવચન તથા [illegible] જુદા જુદા સ્થળે ગયેલાં વાંચનકારોની [illegible]

| | |
|---|---|
| ૧. શ્રી ખાડિયા દિ. જૈન મુમુક્ષુમંડળ, [illegible] | [illegible] જગુભાઈ, વઢવાણ |
| ૨. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, અજમેર | શ્રી [illegible]લાલજી મહેતા, સોનગઢ |
| ૩. „ ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ | શ્રી [illegible]ભાઈ એમ. શેઠ, ભાવનગર |
| ૪. „ દિ. જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, [illegible] | [illegible] પ્રવિણભાઈ દોશી, રાજકોટ |
| ૫. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, બોટાદ | શ્રી [illegible]લાલભાઈ સુરેન્દ્રનગરવાળા |
| ૬. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, બેંગ્લોર | શ્રી [illegible]કલાલજી જૈન, સોનગઢ |
| ૭. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, સુરત | શ્રી હિંમતભાઈ ડગલી વિંછીયાવાળા |
| ૮. „ કુંભરાજ મહાવીર દિ. જૈન મુમુક્ષુમંડળ [illegible] | શ્રી [illegible]દરામ ખંઢેરીવાળા |
| ૯. „ દિ. જૈન સિદ્ધક્ષેત્ર પાવાગીરીજી [illegible] | શ્રી ધર્મદાસજી બડૌતવાળા |
| ૧૦. „ મલાડ દિ. જૈન મુમુક્ષુમંડળ | શ્રી ચીમનભાઈ મોદી |
| ૧૧. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, જલગાંવ | બ્ર. રમેશભાઈ મલકાપુરવાળા |
| ૧૨. „ દિ. જૈનસંઘ, વાંકાનેર | શ્રી દિલીપભાઈ ડગલી બોટાદવાળા |
| ૧૩. „ દિ. જૈન મંદિર ટ્રસ્ટ, [illegible] ([illegible]) | શ્રી કુંદનલાલજી પથરીયાવાળા |
| ૧૪. „ દિ. જૈનસમાજ, દેપાલપુર ([illegible]) | શ્રી વિજય કોછલ આરોનવાળા |
| ૧૫. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, આગ્રા ([illegible]) | શ્રી પદમચંદજી જૈન |
| ૧૬. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, આગ્રા ([illegible]) | શ્રી કપુરચંદ કરેલીવાળા |
| ૧૭. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, આરોન | ડૉ. પ્રિયંકરજી જૈન, હિંગોલી |
| ૧૮. „ દિ. જૈન મંદિર, મુબારીકપુર | બ્ર. સંતોષકુમાર 'નાયક' |
| ૧૯. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, ભાવનગર | શ્રી પ્રાણભાઈ પી. કામદાર, દાદર |
| ૨૦. „ દિ. જૈન મુમુક્ષુમંડળ વિંછીયા | શ્રી શાંતીભાઈ અંકલેશ્વરવાળા |
| ૨૧. „ દિ. જૈન યુવા સંગઠન, [illegible] | શ્રી પ્રહ્લાદજી મંદસૌરવાળા |
| ૨૨. „ તારણતરણ દિ. જૈન સમાજ, [illegible] | શ્રી ચીતરંજનલાલ જૈન છીંદવાડાવાળા |
| ૨૩. „ દિ. જૈનસમાજ, ચૌરઈ | શ્રી અશોકકુમાર જૈન છીંદવાડાવાળા |
| ૨૪. „ દિ. જૈનમંદિર, શાહપુર | શ્રી નરેન્દ્રચંદજી ગાડરવાડાવાળા |
| ૨૫. „ તારણતરણ દિ. જૈનસમાજ, [illegible] | પ્રકાશચંદ્ર જૈન છીંદવાડાવાળા |
| ૨૬. „ દિ. જૈન પાર્શ્વનાથ ટ્રસ્ટ, [illegible] | શ્રી રમેશભાઈ સલાલવાળા |
| ૨૭. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, રાજગઢ | શ્રી રાજમલજી જૈન આરોનવાળા |
| ૨૮. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, મંદસૌર | શ્રી સુજાનમલ મોદી, સોનગઢ |
| ૨૯. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, સુરેન્દ્રનગર | શ્રી ચીમનલાલ ટી. કામદાર, સોનગઢ |
| ૩૦. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, અંકલેશ્વર | શ્રી ઇન્દ્રવદનભાઈ ઝવેરી, મુંબઈ |
| ૩૧. „ દિ. જૈન યુવકમંડળ, મદ્રાસ | શ્રી દીપચંદજી જૈન, ઈન્દોરવાળા |
| ૩૨. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, કુરાબડ | શ્રી રંગલાલજી જૈન |
| ૩૩. „ દિ. જૈન મુમુક્ષુમંડળ, મોરબી | શ્રી ચંપકલાલ જૈન, મુંબઈ |

—o—

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

૨૦૭૪ શ્રી અંબાલાલ એમ. પટેલ અમદાવાદ
૨૦૭૫ ,, શાહ [illegible] મોતીલાલ જૈન પાચેરા
૨૦૭૬ ,, [illegible] ટી. શાહ નાયરોબી (કેન્યા)
૨૦૭૭ ,, [illegible] જી. શાહ. ,, ( ,, )
૨૦૭૮ ,, જયાબેન જે. શાહ મુરેરા ( ,, )
૨૦૭૯ ,, કેશવલાલ જી. શાહ નાયરોબી ( ,, )
૨૦૮૦ ,, મણીબેન એ. પી. શાહ. મુંબઈ
૨૦૮૧ ,, નેમચંદ પેથરાજ કાળાભાઈ સિંહણ
૨૦૮૨ ,, પ્રકાશચંદ્ર રસીકલાલ ખંધાર મુંબઈ
૨૦૮૩ ,, એમ. સી. તુરખીયા મદ્રાસ
૨૦૮૪ ,, ગીરીશભાઈ ભોગીલાલ પટેલ સાંદરણા
૨૦૮૫ ,, ગંભીરસિંહ નરસિંહ પરમાર વડેચ
૨૦૮૬ ,, રમીલા કાંતીલાલ ભાયાણી વડોદરા
૨૦૮૭ ,, દીપક શાંતીલાલ તુરખીયા મુંબઈ
૨૦૮૮ ,, શશીકળા C/o દીનેશચંદ્ર ચીમનલાલ શાહ. મુંબઈ
૨૦૮૯ ,, જયેશ વી. મહેતા પોરબંદર
૨૦૯૦ ,, ધીરેન્દ્ર કાંતીલાલ મહેતા જામનગર
૨૦૯૧ ,, કલાવતીબેન ચંપકલાલ ખંધાર અમદાવાદ
૨૦૯૨ ,, પ્રતાપરાય નાગરદાસ ભાયાણી મુંબઈ
૨૦૯૩ ,, સવાઈલાલ પાનાચંદ વોરા ,,
૨૦૯૪ ,, વિનોદરાય કેશવલાલ ચોવટીયા જેતપુર
૨૦૯૫ શ્રી વસંતરાય હરગોવિંદ અજમેરા ભાવનગર
૨૦૯૬ ,, સુનીલકુમાર પ્રાણલાલ ખારા મુંબઈ
૨૦૯૭ ,, ડૉ પ્રફુલ બી. ટોળીયા અમરેલી
૨૦૯૮ ,, ધરમશી જીવાભાઈ સાવલીયા ગોંડલ
૨૦૯૯ ,, શંભુભાઈ પુરૂષોત્તમદાસ ધોળીધાર
૨૧૦૦ ,, જગદીશભાઈ ઝવેરચંદ દોશી મુંબઈ
૨૧૦૧ ,, મનોજકુમાર ગાડાણી નાલાસોપારા
૨૧૦૨ ,, શાહ હરીલાલ મોહનલાલ વીંછીયા
૨૧૦૩ ,, પ્રેમપ્રકાશજી જૈન દડીયા
૨૧૦૪ ,, શાંતાબેન ગુલાબચંદ ટોળીયા સોનગઢ
૨૧૦૫ ,, કાનજીભાઈ જેઠાલાલ શેઠ વઢવાણ
૨૧૦૬ ,, જયંતીલાલ નાગરદાસ ગાંધી અમદાવાદ
૨૧૦૭ ,, અજય આર. મહેતા રાજકોટ
૨૧૦૮ ,, ધવલ આર. શાહ સુરત
૨૧૦૯ ,, મોહનભાઈ નાનજીભાઈ કાસમપુર
૨૧૧૦ ,, સુનિલકુમાર ગોરધનભાઈ સાંદરણા
૨૧૧૧ ,, ચંદ્રકાંત જે. શાહ નાયરોબી
૨૧૧૨ ,, બકુલેશ રતીલાલ ખારા રાયપુર
૨૧૧૩ ,, રતીલાલ જેચંદભાઈ દોશી મુંબઈ
૨૧૧૪ ,, ગિરીશકુમાર છોટાલાલ ભાયાણી ,,
૨૧૧૫ ,, કપિલરાય રતિલાલ શાહ અમદાવાદ

[ આજીવન ફી : ૧૦૧ ] [ ક્રમશઃ ]

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust, SONGAD-364 250-INDIA

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ